૧૯૩૦ – 1930

યુવાન નવ સૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રીઃ—જમનાદાસ અમરચંદ ગાંધી.

| | | |
|---|---|---|
| વર્ષ ૧ લું<br>અંક ૨ જો. | સંવત ૧૯૮૬ ના પોષ શુદ ૬ સોમવાર<br>તા. ૬-૧-૩૦ | લવાજમ છુટક નકલ<br>અડધો આનો. |

## એ સમય ગયો!

જગતના ચારે ખૂણામાં એક હથ્થુ સત્તાનો મૃત્યુ ઘંટ વાગી રહ્યો છે. રાજા એટલે ઇશ્વરીય અંશ એ માન્યતાના પૂર ઓસરી ગયાં છે, અત્યારે તો જે રાજા સમયસૂચકતા વાપરી પ્રજાના સેવક તરીકે પોતાને જાહેર કરી તે પ્રમાણે વર્તન ચલાવે છે, તેજ પોતાનું તખ્ત સંભાળી શકે છે, અન્યથા ઘડીના છઠ્ઠા ભાગમાં પ્રજા તેને પદભ્રષ્ટ કરે છે. રાજા કે ધર્મગુરૂ જે કંઇ કરે તેની સામે આંગળી પણ ઉંચી ન કરાય એ જમાનો ચાલ્યો ગયો છે. હવે તો અન્યાય, અનીતિ, પાશવતા, અને સત્તાના શોખીનો સામે જનતા બરાબર માથું ઉંચકે છે, અને જણાવે છે કે અરે ઓ હૃદયહીન માનવો! बाबा वाक्यं प्रमाणं નો જમાનો સદાને માટે વહી ગયો છે. તમારા અન્યાયો અને અનીતિ સામે આજ સુધી અમે આંખ આડા કાન કર્યાં પણ હવે તેમ કરવાને અમે તૈયાર નથી. તમારી પાશવતા અમે અત્યાર સુધી સહન કરી હવે એક મીનીટ પણ સહન નહિ કરીએ, તમારા સત્તાના શોખને અમે આજ સુધી પોષ્યો હવે જરાએ નહિ: પોષીએ, જનતા બરાબર જાગ્રત છે.

તેવીજ રીતે ધર્મગુરૂઓ માટે પણ જનતામાં જે સ્થાન હતું, જે તેમના પદની મહત્તા હતી, તે તેમની કર્તવ્યહીનતાની પરાકાષ્ટાથી નષ્ટ થઇ છે, કારણ કે તેમણે પ્રભુ મહાવીરના શાસ્ત્રોના નામે, જિનેશ્વર દેવના નામે, પૂર્વાચાર્યોને નામે સમાજમાં પોપલીલાજ ચલાવી છે, સમાજની હાલની પરિસ્થિતિ માટે સાધુઓ જવાબદાર છે. અત્યાર સુધી તેમણે પાશ્ચાત્ય ગવર્નમેંટોની જેમ સમાજના ભાગલા પાડવાનીજ નીતિ અખત્યાર કરેલી છે, સંઘસત્તાને નબળી પાડવા માટે શાસ્ત્રોના મનસ્વીપણે અર્થો કરેલાં છે, અંધશ્રદ્ધાળુ ભક્તોના બળે કેટલાએ નિરપરાધિઓ ઉપર સાચું સામે બોલવાના ગુન્હા માટે સંઘ બહાર કે નાતબહારના શસ્ત્રોનો ઉપયોગ કરાવ્યો છે, કેટલાએ માબાપોને નિરાધાર બનાવી તેમના એકના એક પુત્રને ખેંચી લીધેલ છે, કેટલાએ કુમળી વયના બાળકોનું જીવન ધુળમાં મેળવેલું છે. કેટલીએ યુવતિઓને છતે ધણીએ વિધવા બનાવવામાં આવી છે, શોખને ખાતર ધર્મને નામે સમાજના કરોડો રૂપીયાનું નિરર્થક સંઘ ઉજમણાં વગેરેમાં પાણી કરાવ્યું છે, આ બધાનો હિસાબ આજે યુવાન જનતા માંગી રહી છે અને પૂછે છે કે તમે કદિએ જૈન સમાજના હ્રાસનું કારણ તપાસ્યું છે? સમાજના અંગને કોતરી ખાતા બેકારીના પ્રશ્ન માટે કદિએ વિચાર કર્યો છે? સારોએ સમાજ સુશિક્ષિત કેમ બને તે માટે કોઇ પણ દિવસ મહેનત લીધી છે? જૈન ધર્મ વિશ્વધર્મ કેમ બને તે માટે કદિએ પ્રયત્ન કર્યો છે? 'બાળ લગ્ન' અને 'વૃદ્ધ લગ્ન' એ મહા પાપ છે એમ સમાજને ઉપદેશ કર્યો છે?

આપો જવાબ! મહાવીરની પાટના ઇજારેદાર અને જૈન સમાજના મજબુત સ્થંભ હોવાનો દાવો કરતા, ઓ દાંભીક ગુરૂદેવો, જણાવો? તમે શાસનનો દ્રોહ નથી કર્યો? તમે સમાજના સામાન્ય વિશ્વાસનો ભંગ નથી કર્યો?

આજે તમે ધર્મ અને શાસ્ત્રોના ઓઠાં નીચે તમારો બચાવ કરી શકો તેવી સ્થિતિમાં નથી. એ સમય ગયો.

— શ. 'મજુર'

# રાવીને તીરે

## સ્વતંત્રતાની હાકલ.

સદીઓથી પરાધીનતાની જંજીરમાં જકડાએલા ભારતે ચાલુના નૂતન વર્ષના પ્રભાતમાંજ એ જંજીરને તોડવાને માટે રણશીંગુ ફૂંક્યું છે, દેશના ખૂણે ખૂણામાં એ રણશીંગાએ તનમનાટ મચાવી મૂક્યો છે, એટલુંજ નહિ પણ એ ફૂંકેલા ભોંગળથી દરીયાપારના દેશો ધ્રુજી ઉઠયા છે, કારણ કે સ્વતંત્ર ભારતમાં સ્વૈચ્છિત આર્થિક લૂંટ હવે ચલાવી શકાશે નહિ. હિંદને પરાધિનતાની ધૂસરીમાં જકડાએલો એવાનો ઉદ્દેશ માત્ર આર્થિક લૂંટનોજ છે, કારણ કે પોતાના માલને માટે હિંદના બજારો સિવાય તેમને કોઈ પણ સ્થળે અનુકૂળતા નથી. હિંદ આજે આ બાબત બરાબર સમજતો થયો છે, અને તેના પ્રતિકારમાંજ પોતાની લડત ચલાવવાને માટે કટિબદ્ધ થયો છે.

આજે દેશનો લગભગ પોણો ભાગ બેકારી હાલત ભોગવી રહ્યો છે, તેના હુન્નર ઉદ્યોગોનો સદંતર નાશ થયો છે, ભૂખમરાથી ખાનાખરાબી થઈ રહી છે આ બધાના કારણભૂત પરદેશી સત્તાની ધૂંસરી ફગાવી દઈ, સ્વતંત્ર ભારત બનાવવાનું મહાસભાએ ધ્યેય સ્વીકાર્યું છે એ કંઈ જેવી તેવી બાબત નથી.

દુનીઆની દરેક પરાધીન પ્રજાઓ આજે સ્વતંત્રતાનો ઝુંડો ફરકાવવાને માટે સજ્જ થઈ રહી છે, તે પ્રજાઓ સાથે હિંદે પણ પોતાની સ્વતંત્રતા પુનઃ પ્રાપ્ત કરવા માટે પંડિત જવાહિરલાલ નહેરૂ જેવા ઉદ્દામ વિચારના રાષ્ટ્રદેવના નેતૃત્વ નીચે રાવીના પવિત્ર તટ પરથી હાકલ કરી છે. આમ હિંદ એક પગથીયું આગળ વધે છે. પણ 'સ્વતંત્રતા' એ કંઈ જેવી તેવી વસ્તુ નથી કે જેને આપણે સરલતાથી મેળવી શકીએ. કેવળ આપણે ઠરાવોમાંજ કર્તવ્યની ઇતિશ્રી સમજીએ તો એ સ્વતંત્રતાની કશી કિંમત નથી, પરંતુ તેને માટે વ્યવસ્થિત લડત ચલાવવાની જરૂર છે, સ્વતંત્રતા માટેનું પ્રચાર કાર્ય કરવાની અગત્ય છે, હિંદના શહેરો કરતાં ગ્રામ્ય જીવનમાં એ આદર્શ ઉતારવામાં આવે તોજ આપણે એ ધ્યેય સુધી પહોંચી શકીએ આજે હિંદમાં લગભગ ૭ લાખ ગામડાંઓ છે, જેમાંના કેટલાક ગામો તો મહાત્માજીના કહેવા પ્રમાણે મહાસભાનું નામ સુદ્ધાં પણ જાણતા નથી, આવા ગામડાંઓમાં જઈને નેતાઓએ લોકમત કેળવવાની જરૂર છે, લોકમત કેળવ્યા પછીજ સ્વતંત્રતા માટેના વ્યવહારૂ ઉપાય યોજી શકાય.

બીજા દેશોમાં સ્વતંત્રતા માટે જેમ હિંસક લાઈન પસંદ કરવામાં આવે છે અને બેયોનેટની અણીથી કદાચ તે દેશો સ્વતંત્ર થતા હોય તો તેથી ભારત પણ એજ રસ્તે સ્વતંત્રતા પ્રાપ્ત કરી શકશે તેવું કંઈ છેજ નહિ. કારણ કે બેયોનેટની અણીથી સ્વતંત્ર થએલા દેશોના સંજોગો જેવા ભારતના સંજોગો નથી, અગર તે લાઈન પસંદ કરવામાં આવે તો કરોડો માણસનું બલિદાન આપવા છતાં આપણે લડતમાં પાછા હઠવું પડે, અને તેથીજ મહાત્માજી કહે છે કે આપણે અહિંસાત્મક લડતથીજ આપણા ધ્યેયને પહોંચી વળીશું. બીજી બાબતમાં હિંદ અત્યારે દિન પ્રતિદિન મજુરદારી સ્થિતિમાં ડુબતો જાય છે, પરદેશી મુડીદારોને હિંદ જેવું ગ્રાહક દુનીઆમાં ભાગ્યેજ મળી શકે તેમ છે જડે નથી તેમ કહીએ તો તેમાં જરાએ અતિશયોક્તિ નથી. એટલે તેઓ આંખો મીંચીને હિંદમાં પોતાની મૂડી વધારેને વધારે રોકતા જાય છે અને તેમ કરીને હિંદની ગરીબડી પ્રજા ઉપર આજના જાને ચુસણુ નીતિ ચાલુજ છે, આ નીતિ કોઈ પણ રીતે ચલાવી શકાય તેમ નથી, તેના એક ઉપાય તરીકે આપણી મહાસભાએ હવેથી હિંદમાં નાણાં ધીરનારાઓને ચેતવણી આપી છે કે ભવિષ્યની હિંદની સ્વતંત્ર સરકાર તેને માટે જવાબદાર નથી. તે સિવાય ધારાસભા બહિષ્કારનો પણ ઠરાવ પાસ કર્યો છે. ધારાસભા એ આપણે માટે ફારસ સમાન નિવડી છે તે કોઈથી પણ ના કહી શકાય તેમ નથી. ધારાસભાના પ્લાટફોર્મ ઉપર ગમે તે ઠરાવ આવે, તેના ઉપર ચર્ચા ચાલે અને તે પાસ થાય ત્યાર પછી વાઇસરોયની એ ઠરાવમાં બહાલી ન મળે તો એ ઠરાવ અભરાઇ ઉપર પડયો રહે, આ કંઈ નવીન બાબત નથી, અને તેથીજ પંડિત મોતીલાલ નહેરૂ જેવા વયોવૃદ્ધ અને અનુભવી રાષ્ટ્રનેતાને કહેવું પડયું છે કે હું ધારાસભામાં જઈને કોઈ પણ જાતનું સંગીન કાર્ય કરી શક્યો નથી. કારણ કે ગમે તેવો ઠરાવ ધારાસભા પાસ કરે છતાં જો સરકારની આંખમાં તે ઠરાવ ખૂંચતો હોય તો તે ઠરાવ કાગળમાં રહેવા ઉપરાંત કશા ઉપયોગમાં આવતો નથી. આમ છતાં હજુ કેટલાક આગેવાનોને ધારાસભાનો મોહ છુટતો નથી એ નવાઈની વાત છે. ધારાસભામાં જવા માટે કેટલાક મહાસભાના આ ઠરાવથી બળબળી ઉઠયા છે, અને જમનાદાસ મહેતા તેમજ કેલકર જેવાઓ તે ઠરાવથી વિરૂદ્ધ છે એ આ દેશની કમનસીબી છે. માલવીયાજી જેવા વયોવૃદ્ધ નેતાઓ પણ હજુ ધારાસભાથી ધરાયા નથી એ ખરેખર ખેદજનક છે. જો કે મહાસભાના ઠરાવાનુસાર ધારાસભામાંથી રાજીનામું આપવાનો સરક્યુલર નિકળી ચૂક્યો છે, અને તદનુસાર ધારાસભામાં બિરાજતા રાષ્ટ્રીય નેતાઓનો મોટો ભાગ રાજીનામું આપવાને પણ તૈયાર થઈ ગયો છે અને જો સમય જાય છે તેમાં ધારાસભાની બેઠકોનો મોટો ભાગ ખાલી થશે.

હિંદની ખાનદાની સમસ્ત વિશ્વમાં વિખ્યાત છે, ગમે તેવા દુશ્મનો હોય છતાં વ્યક્તિગત દુશ્મનાઈ હિંદે કદિ તેવાઓ પ્રત્યે દાખવી નથી. નામદાર વાઇસરોય બોંબ અત્યાચારમાંથી બચી ગયા તે માટે પણ મહાસભાએ તે નામદારને મુબારકબાદી તેમજ બોંબ અત્યાચારને વખોડી કાઢનારો મહાત્માજીનો ઠરાવ પાસ કર્યો છે. બીજા પણ રાબેતા મુજબ સદ્‌ગત રાષ્ટ્રવીરો માટેની દિલગીરી તેમજ કાર્યકર્તાઓના ઉપકારોના ઠરાવો કરી મહાસભાની બેઠક પૂરી થઈ છે. એકંદરે આ વખતની મહાસભા સફળતાં પૂરવાર થઈ છે, અને દેશની ડામાડોળ નૌકાને શાંતિથી સલામત માર્ગે દોરી છે તે માટે અમે ભારતના યુવક જગતમાં સર્વોત્કૃષ્ટ તરીકે ખ્યાતિ પામેલા અને દેશના ખરેખરા જવાહિર સમા પંડિત જવાહિરલાલ નહેરૂને અને મહાત્માજીને મુબારકબાદી આપ્યા સિવાય રહી શકતા નથી અને ઇચ્છીએ છીએ કે મહાસભાએ જે ઠરાવો પાસ કર્યાં છે, તે દરેક વ્યવહારૂપણે અમલમાં આવે અને દેશ આઝાદીની લડતમાં સંપૂર્ણપણે વિજયી નિવડે.

# શ્રી જૈન શ્વે. કોન્ફરન્સનું તેરમું અધિવેશન.

મહારાષ્ટ્રવીર અને મોગલ સલ્તનતને ધ્રુજાવનાર શીવાજી મહારાજના જન્મસ્થાન જુન્નેરમાં મહા માસમાં શ્રી જૈન શ્વે. કોન્ફરન્સનું તેરમું અધિવેશન ભરાવાનું છે, તે માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. સ્વાગત સમિતિના સેક્રેટરી તરફથી અવારનવાર જાહેર પત્રોમાં તે સંબંધી પ્રચાર કાર્ય કરવામાં આવે છે સાદડીના અધિવેશન પછી દસ વરસના લાંબા ગાળા બાદ આ અધિવેશન ભરવામાં આવે છે, જ્યારે કોન્ફરન્સના રેસીડેન્ટ જનરલ સેક્રેટરી શેઠ મોતીલાલ મુળજીનું અવસાન થયું, ત્યારે કોન્ફરન્સના જીવન મરણનો પ્રસંગ ઉપસ્થિત થયો હતો, તે વખતે વિરોધીઓ તરફથી કોન્ફરન્સનો મૃત્યુઘંટ વગાડવામાં આવ્યો હતો, પરંતુ બધાના આશ્ચર્ય વચ્ચે કન્વેન્શન ભરાયું અને તેમાં સુકૃત ભંડાર ફંડમાં રૂ. પચીસ હજાર જેવી નક્કર રકમ એકત્રિત થઇ, કાર્યકર્તાઓમાં કંઇક જોમ આવ્યું. પરંતુ આ કાર્યકર્તાઓ કંઇક ચીલે ચીલે ચાલવાનુંજ પસંદ કરતા હોવાથી તેમને મળેલી સુંદર તક જતી કરી એટલુંજ નહિ પણ કોન્ફરન્સ તરફ રહેલ જૈન પ્રજાનો પૂજ્યભાવ શિથિલતાને અંગે ગુમાવતા ગયા. ત્યારબાદ શત્રુંજયની લડતનો પ્રશ્ન ઉપસ્થિત થયો, તે તકનો લાભ લઇ ખાસ અધિવેશન ભરાયું. પરંતુ તે અધિવેશન માત્ર શત્રુંજય માટેજ હોવાથી તેમાં કોન્ફરન્સની સ્થિતિ જેવી જોઇએ તેવી મજબુત થઇ નહિ, ત્યારપછી અવારનવાર ઘણા ફેરફારો થયા અને કોન્ફરન્સના રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓની વારા ફરતી ખુરશીઓ ખાલી થવા લાગી, અને તેની પુરતીમાં નવી નવી નિમણુંકો થવા લાગી. જ્યારે જ્યારે નવી નિમણુંકો થતી ત્યારે કંઇક કરશે એવી અનેરી આશાઓ પ્રગટ થતી પણ થોડા વખત પછી તે ઉડી જતી. આવી રીતે ફેર બદલી થતાં હાલમાં શેઠ રણછોડભાઇ રાયચંદ તથા શેઠ છોટાલાલ પ્રેમજીની નિમણુંક થઇ અને તેઓએ પોતાની ફરજ બજાવવા અને કોન્ફરન્સને પગભર કરવા બની શકે તેવા શક્ય ઉપાયો લેવા માંડયા. સદ્ભાગ્યે યુવકોમાં જાગૃતિ આવી અને ઠેર ઠેર સંગઠન થવા લાગ્યું, વિચાર સ્વાતંત્ર્યને પ્રતાપે અથવા રૂઢિચુસ્તતા અને અંધશ્રદ્ધાની મજબુત જંજીરોએ અનેક મતભેદો ઉપસ્થિત કર્યા, અને તે મતભેદોએ આજે એવું ઉગ્રરૂપ ધારણ કર્યું છે કે સમગ્ર જૈન જનતા આજે બે ભાગમાં વિભક્ત થઇ ગઇ છે તે સૌ કોઇ કબુલે છે. આ મતભેદથી સમાજની છિન્ન ભિન્ન સ્થિતિ થઇ છે એટલુંજ નહિ પણ અંગત મારામારીના પ્રસંગ પણ બની ગયા છે. આ બાબતમાં કોન્ફરન્સે ધ્યાન આપવાની જરૂર છે કોન્ફરન્સે ઘણું કર્યું છે, એમ બણગાં ફુંકવામાં આવે છે છતાં કોન્ફરન્સને લાંબી મજલ કાપવાની છે તે તો કોઇ કહેતુંજ નથી. અલબત્ત સમાજમાં ત્રીસ વરસની જુની અને સમાજના પ્રતિનિધિત્વવાળી કોઇપણ સંસ્થા હોય તો તે કોન્ફરન્સ છે. અને તે દ્વારા રાષ્ટ્ર, ધર્મ, અને સમાજની અમુલી સેવા કરી શકીએ પણ તેની સંકુચિતતા અને કાર્યવાહકોની બેદરકારીથી તેમજ કોમની પણ તેવીજ પરિસ્થિતિ હોવાથી આપણે જે ધ્યેયથી કોન્ફરન્સની સ્થાપના કરી હતી, તે ધ્યેય હજુ તો ઘણુંજ દૂર છે, આના કારણમાં જણાવવામાં આવે છે કે કોન્ફરન્સને જનતા તરફથી જેવો જોઇએ તેવો સહકાર મળ્યો નહિ અને સહકાર મેળવવા માટે જે કાર્ય કરવું જોઇએ તે તેના સંચાલકો કરી શક્યા નહિ, આથી સહકાર વગરની કોન્ફરન્સ જીવન વગરના કલેવર જેવી થઇ, હવે તો સારાયે ભારતમાં જાગૃતિની ઉષા પ્રગટી છે રાષ્ટ્રે પરાધિનતાની ધૂસરીને ફગાવી દેવા માટે રાવીના પવિત્ર તટ ઉપરથી શંખનાદ ફુંક્યો છે તેજ વખતે મહારાષ્ટ્રના વીરપુત્રોએ આપણી કોન્ફરન્સને આમંત્રણ આપી પોતાની ફરજ બજાવી છે. ઘણાજ કટોકટીના સમયે સમયસૂચકતા વાપરી જુન્નેર અને મહારાષ્ટ્રવાસી બંધુઓએ જે ભોગ આપવાની તત્પરતા બતાવી છે તે માટે તેમને ધન્યવાદ આપ્યા સિવાય રહી શકાતું નથી. છતાં આ અધિવેશનને કેટલાક છેલ્લું અધિવેશન નિવડવાની આગાહી કરે છે તો કેટલાક વિઘ્નસંતોષીઓ એવી પણ ગપ્પો ઉડાવે છે કે ત્યાં અનેક પ્રશ્નો ઉપસ્થિત થશે અને ખુરશીઓ ઉડશે તેમજ છુટા હાથથી મારામારી થશે. ગમે તેમ હોય પણ આ વખતે અધિવેશન ભરવાની જોખમદારી કંઇ જેવી તેવી નથી, જો દરેક બાબતનો શાંતિ પૂર્વક નિકાલ કરવામાં આવશે તો આ અધિવેશન ખરેખર યશસ્વી અને ઐતિહાસિક અધિવેશન નિવડશે. સમાજને ગુંગળાવી નાંખનાર અનેક પ્રશ્નો ઉકેલવાનો સમય જુન્નેર અને મહારાષ્ટ્રવાસીઓએ આપ્યો છે. યુવકોને પોતાની જવાબદારી જાણવાની સુંદર તક સાંપડી છે, એટલે અત્યારથીજ તેમણે યોગ્ય ચળવળ ચલાવવાની જરૂર છે. ગામે ગામના યુવક સંઘોએ અધિવેશનમાં ભાગ લેવા માટે તૈયારી કરવી જોઇએ અને બહુમતિથી કોન્ફરન્સને હસ્તગત કરી તે દ્વારા રાષ્ટ્ર, ધર્મ, અને સમાજની અપૂર્વ સેવા બજાવવા માટે તૈયાર થવું જોઇએ. આ અધિવેશનમાં અનેક પ્રશ્નો ચર્ચાશે. સૌથી પહેલાં તો કોન્ફરન્સના બંધારણમાં ફેરફાર થશે, તે ફેરફાર કરવાની આવશ્યકતા સૌ કોઇ સ્વીકારે છે. કન્વેન્શન વખતે જે ફેરફારો સૂચવવામાં આવ્યા હતા તેને આજે લગભગ ચાર વર્ષ થઇ ગયાં છે તેટલા ટાઇમમાં તો સમય પલટાઇ ગયો છે. એટલે અત્યારના સંજોગોને અનુસરીને બંધારણમાં જરૂરી ફેરફાર કરવાની અગત્ય છે તેમજ તેના ઉદ્દેશોમાં અત્યારના સમયને બંધબેસતા ફેરફાર કરવાની જરૂર છે, તે સિવાય અયોગ્ય દીક્ષા, સાધુ સાધ્વી સંસ્થાઓમાં રહેલી શિથિલતા; બેકારીનો પ્રશ્ન, સુશિક્ષણ, જૈન વસ્તિ ઘટવાના કારણો અને તેને દૂર કરવાના ઉપાયો, જૈનો અને રાષ્ટ્ર, જૈનો અને તેના તીર્થો, ધાર્મિક સંસ્થાઓ, ગચ્છો અને વાડાઓના મતભેદો, જ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિઓ, વિધવાઓની દુઃખદ સ્થિતિ, સ્ત્રીઓનું સ્થાન અને તેમની સ્વતંત્રતા, જૈનોનું વાણિજ્ય વગેરે પ્રશ્નો ચર્ચવા યોગ્ય છે. ઉપરના પ્રશ્નો માટે રચનાત્મક કાર્ય થવાની જરૂર છે. ચર્ચા કરી ઠરાવો કરવાથી કોન્ફરન્સ કે તેના અધિવેશનની કિંમત નથી પણ તે ઠરાવાનુસાર સાચા સેવકોના હાથમાં કાર્યની વ્હેંચણી કરી ગામેગામ રચનાત્મક કાર્ય ઉપાડી લેવાની ખાસ જરૂર છે. વિશેષમાં જૈનો પાસે અનેક રીતે એકત્ર થએલા પૈસાનો હાલમાં જે પોર્ટબોન્ડ, ગવર્નમેન્ટ કે લોકલ સીક્યુરીટીમાં રોકવામાં આવે છે, તેમ ન કરતાં એક જૈન બેંક ખોલી તેમાં રોકવાની જરૂર છે, અને તે બેંક મારફતે જૈનોને હુન્નર ઉદ્યોગ તેમજ વેપાર વાણિજ્ય માટે લોન તરીકે જોઇતી સહાય આપવાની જરૂર છે. આ બાબત જો સ્વીકારવામાં આવે તો જૈનોની બેકારીનો પ્રશ્ન આપો આપ નાબુદ થશે. હું ઇચ્છું છું કે કોન્ફરન્સનું આ અધિવેશન યશસ્વી નિવડે.

# શ્રી મુંબઇ જૈન યુવક સંઘ.

## વાર્ષિક અહેવાલ.

( રિપોર્ટ રજુ કરનાર મી. રતીલાલ સી. કોઠારી. )

જૈન સમાજ અત્યારે અનેક રૂઢિઓના બંધનોથી રૂંગ-ળાઇ રહ્યો છે, સ્થળે સ્થળે જ્યારે સ્વતંત્રતાના ગીતો ગવાઇ રહ્યાં છે અને દુનીયામાં ક્રાંતિની ઉદઘોષણ થઇ રહી છે, ત્યારે જૈન સમાજ ઉપર પણ તેની અસર થાય એ સ્વાભાવિક છે તે આધારે મુંબઇ જૈન યુથલીગની સ્થાપના. કેટલાક ભાઇઓએ સંવત ૧૯૮૪ ના જ્ઞાનપંચમીને દિને કરી. કાર્તિકી પુર્ણિમાને દિને એક વિજ્ઞપ્તિ પત્ર બહાર પાડવામાં આવ્યું અને તેમાં લગભગ પચાશેક યુવકો સભ્ય તરીકે જોડાયા. લીગે અમદાવાદમાં શ્રી સાગરાનંદસુરિએ આસ્તિક નાસ્તિકની ચર્ચા ઉપસ્થિત કરી તે સામે મુંબઇના જૈનોનો વિરોધ દર્શાવવા શ્રીયુત પરમાણંદ કુંવરજી ઝવેરીના પ્રમુખ પણા નીચે, દેશભક્ત લાલા લજપતરાયના અવસાન સંબંધી. અને પંડિત જવાહિરલાલ નહેરૂપર થયેલા આક્રમણ માટે મી. જમનાદાસ એમ. મહેતા. એમ. એલ. એ ના પ્રમુખપણા નીચે, તેમજ પંજાબથી શ્રીમદ્ વિજયવલ્લભસુરીશ્વરજીના આગ-મન પ્રસંગે આગલ જૈન આગેવાનોના વિચારો જાણવા માટે ભાંગવાડી થીએટરમાં શેઠ અમૃતલાલ કાલીદાસના પ્રમુખ પણા નીચે સભાઓ મેળવી હતી. ઉપરાંત બીજી બની શકતી યોગ્ય પ્રવૃત્તિઓ આ લીગ તરફથી કરવામાં આવી હતી. આ અર-સામાં બન્નેના કેળવાએલા યુવકો હાલની યુવક પ્રવૃત્તિમાં વધારે રસ લે તે માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલય ઓલ્ડ બોયઝ યુનીયનને કરાયેલી પ્રેરણાના પરિણામે યુવક સંઘના ઉદ્દેશો તથા તેના આત્મનિવેદનના પાયા ઉપર તા. ૬-૫-૨૯ ના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘની સ્થાપના કરવામાં આવી. આ સંઘ તરફથી થાંડલા મુકામે થતા જૈન વૃદ્ધ વિવાહને ત્યાંના દિવાન સાહેબ શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢાની સહા-યથી અટકાવવાને લગતું, શ્રી વિજયવલ્લભસુરિશ્વરજીના અહિંના આગમનના સ્મારક બદલ શ્રી મહાવીર જૈન વિદ્યાલય માટે એક રૂપીઆ ફંડ ઉભું કરી રૂ. ૨૦૧૧ એકત્ર કર્યાનું, તથા ભાષણ શ્રેણીને અંગે યુવકોનું કર્તવ્ય એ વિષયનું મી. પાટ્ટણકર પાસે ભાષણ કરાવ્યાનું કામ થયું હતું. બાદ બંને સંસ્થાને એકત્રિત કરવાની વાટાઘાટ ચાલી, તે ઉપરથી તા. ૮-૭-૨૯ ના રોજ શ્રી મુંબઇ માંગરોળ જૈન સભાના હોલમાં શ્રીયુત કકલભાઇ બી. વકીલના પ્રમુખપણા નીચે બંને સંસ્થાઓની સામાન્ય સભા એકત્રિત થઇ અને તે વખતે બંને સંઘોને એકત્રિત કરી તે માટે એક વ્યવસ્થાપક કમીટી નીમવાનો ઠરાવ કરવામાં આવ્યો.

### (૧) જાહેર સભાઓ.

આ સંઘ તરફથી ચાલુ પ્રવૃત્તિઓને અંગે જાહેર સભાઓ ભરવામાં આવી હતી. તા. ૪-૮-૨૯ થી તારીખ ૧૭-૧૧-૨૯ સુધીમાં કુલ અગીઆર સભાઓ જુદા જુદા સ્થળે અને જુદા જુદા વિષયો માટે મળી હતી. જે વેળાએ જૈન અને જૈનેતર અનેક વકતાઓએ ભાષણો કર્યાં હતાં.

### (૨) લેખ માળા.

તા. ૮-૭-૨૯ થી અત્યારના આપણા પ્રશ્નોને સ્વતંત્ર રીતે ચર્ચતો એક એક લેખ દર સોમવારે પ્રગટ કરવાનો પ્રબંધ થયો છે, જેના અત્યાર સુધીમાં કુલ બાવીસ લેખો પ્રગટ થયા છે. આ લેખોએ પ્રત્યેક વિષય ઉપર નવો પ્રકાશ પાડયો છે અને જૈન સમાજમાં સારી જાગૃતિ લાવવાનું કામ કર્યું છે.

### (૩) પત્રિકા પ્રચાર પત્રો.

અત્યાર સુધીમાં સંઘ તરફથી સાત પત્રિકાઓ બહાર પાડવામાં આવી છે તેમાં ખાસ કરીને 'પરભાર કરો' 'જૈન સાધુઓને જાહેર વિનંતિ' 'દીક્ષાની નિયમાવળી'તથા સ્થળે સ્થળે યુવક સંઘ સ્થાપવાની અપીલ કરવામાં આવી હતી. બાદ શ્રાવણ વદ ૧૨ તા. ૧૩-૮-૨૯ થી મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા નામનું સાપ્તાહિક પત્ર દર શનિવારે પ્રચાર કાર્ય સમિતિ હસ્તક શ્રીયુત જમનાદાસ અમરચંદ ગાંધીના તંત્રી પણા નીચે ચાલે છે અને તે સભ્યોને વગર લવાજમે આપવામાં આવે છે.

### (૪) અયોગ્ય દીક્ષા વિરોધ.

અયોગ્ય દીક્ષાના સંબંધમાં આપણા સંઘે પૂરા જોસથી હીલચાલ ઉપાડી છે અને ૭ મહિનામાં લોકોના વિચારોમાં તેના અંગે બહુ મોટું પરિવર્તન થયું છે. આ સંઘ તરફથી દીક્ષાની નિયમાવળી પ્રગટ કરવામાં આવી છે તેનો ઓછા વધારે અંશે ઘણા ગામ તથા શહેરોમાં સ્વીકાર કરવામાં આવ્યો છે, જામનગર તથા પાટણ વગેરે જૈન સંઘના આ દિશાને લગતા સ્તુત્ય પ્રયાસોને આપણા સંઘે બની શકતો ટેકો આપ્યો છે. વળી જુદા જુદા દેશી રાજ્યોને અયોગ્ય દીક્ષા પ્રતિબંધ કાયદો કરવા માટે આ સંઘ તરફથી તારો કરવામાં આવ્યા હતા. આ હીલચાલના પરિણામે અયોગ્ય દીક્ષા તદ્દન અશક્ય નહિ તો અતિ મુશ્કેલ બની ગઇ છે એમ અમે માનીએ છીએ.

[ અપુર્ણ. ]

## સુચનાઓ.

(૧) પત્રિકા દર સોમવારે પ્રગટ થશે.

(૨) નવું વર્ષ જાનેવારી તા. ૧ લી ૧૯૩૦ થી ગણવામાં આવશે.

(૩) વાર્ષિક લવાજમ ટપાલ ખર્ચ સાથે રૂા. ૨) લેવામાં આવશે.

(૪) યુવક સંઘના સભ્યો પાસેથી પત્રિકાના લવાજમ તરીકે રૂા. ૧) લેવામાં આવશે.

(૫) છુટક નકલ સ્થાનિક અડધા આનામાં મળી શકશે.

(૬) પત્રિકા માટે યોગ્ય સમાચારો મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

(૭) પત્રિકા સંબંધી સઘળો પત્ર વ્યવહાર નીચેને સરનામે કરવો ( જમનાદાસ અમરચંદ ગાંધી, ૧૮૦, વસીયામલ બીલ્ડીંગ, જકરીયા મસજીદ, મુંબઇ. )

**તા૦ ક૦–બહારગામના તથા સ્થાનિક ગ્રાહકોને ચાલુ સાલનું વાર્ષિક લવાજમ તાકીદે મોકલી આપવા વિનંતી છે.**

આ પત્રિકા ધનજી સ્ટ્રીટમાં આવેલા જૈન ભાસ્કરોદય પ્રેસમાં મનસુખલાલ હીરાલાલે જમનાદાસ અમરચંદ ગાંધી (તંત્રી) માટે છાપી, અને તેણે જૈન યુવક સંઘ માટે પ્રીન્સેસ સ્ટ્રીટ મનહર બીલ્ડીંગમાંથી પ્રસિદ્ધ કરી. મુંબઇ, નં. ૨

છુટક નકલ: અડધો આનો.

Reg. No. B. 2616.

નવયુવાન નવયુગનો સૃષ્ટા છે.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા

તંત્રી: જમનાદાસ અમરચંદ ગાંધી.

પુ. ૧ લું. } સંવત ૧૯૮૬: પોષ સુદિ ૧૪ સોમવાર. મુંબઇ, તા. [illegible] } અંક [illegible]

## જુન્નેર કોન્ફરન્સ માટે—

### વડોદરા યુવક મંડળે સૂચવેલા ઠરાવો.

"ભાવી જૈન સમાજના સ્થંભરૂપ 'આદર્શ' રત્નો ઉત્પન્ન થાય તેવી પ્રાથમિક ભૂમિકા બાળકો તથા બાળીકા વાસ્તે તૈયાર કરવા, શારીરિક, માનસિક, વ્યવહારિક અને ધાર્મિક કેળવણી અર્પતા સારા ગુરૂકુળો [illegible] તેમજ હાલના વિષમ સંજોગોમાં મુશ્કેલીથી [illegible] કરી શકાતાં કુટુંમ્બીક જીવનમાં સહાયભુત થવા ઉપરાંત પવિત્ર સ્વાશ્રયી જીવન ગુજારી શકવાના સાધન પ્રાપ્તિના ઉદ્દેશથી બ્હેનો વાસ્તે જુન્નેર ઉદ્યોગશાળાઓ, ઠેરઠેર આખા ભારતવર્ષમાં ખોલવાની જરૂરીયાત શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈનોની અખીલ ભારતવર્ષિય કોન્ફરન્સ સ્વીકારે છે. આવી સંસ્થાઓ ઊભી કરવાના કાર્યમાં જે મહાશયોએ તન, મન, અને ધનથી ભાગ લીધો છે તે સર્વેને અભિનંદે છે અને અખીલ ભારતવર્ષના શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘને સખાવતનું વેણુ આ તરફ વાળી આ સમાજોદ્ધારક કાર્ય તાકીદે ઉત્સાહપૂર્વક થાય, તેના પ્રચારકાર્યે તેમજ વ્યવસ્થાપૂર્વક બંધારણ નીયત કરવા પ્રાંતવાર નીર્ણિત થયેલા સદ્‌ગૃહસ્થોની સમિતી નીમવામાં આવે છે."

(૨) "હાલ આપણા શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સમાજમાં અનેક બાબતમાં વિચાર ભેદને લીધે ઉગ્ર ચર્ચા ચલી રહી છે. તે ચર્ચાના લખાણમાં જે અંગત વ્યક્તિગત આક્ષેપો અને અશ્લીલ ભાષાનો ઉપયોગ થાય છે, તેણે આપણા સમાજને છિન્નભિન્ન બનાવી દીધો છે; તેથી તેવા લખાણોને શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈનોની આ અખીલ ભારતવર્ષીય મહાસભા (કોન્ફરન્સ) સખ્ત રીતે વખોડી કાઢે છે અને લેખકોને પોતાને ફાવે તેટલો વિચાર ભેદ હોય તોપણ કોઇના ઉપર અંગત આક્ષેપ ન કરતાં શીષ્ટ ભાષામાં પોતાના વિચારનું સમર્થન કરવા શ્રી સંઘના ઐકય તેમજ ઉત્કર્ષની ખાતર વિનંતી કરે છે.

## આજના યુવાનોને!

સમગ્ર વિશ્વમાં આજે યુવાનોનું સામ્રાજ્ય છવાઇ રહ્યું છે, તેના અણુએ અણુમાં ક્રાંતિના [illegible] સતત વેગથી ફેલાઇ રહ્યાં છે, એ આંદોલનોનું પ્ર[illegible] આજે હાનિકારક સામાજીક બંધનોને તેમજ [illegible] કોતરી ખાતી રૂઢિની ગુલામી પ્રથાને ડગમગાવી રહ્યાં [illegible] જે સમય જાય છે, તેમાં તે જમીનદોસ્ત થશે એમાં જરાએ શક નથી.

આજના યુવાનો માટે સમય યથોચિત અનુકુળ છે, વર્ષોથી તેમની ભવ્ય અને ગગનચુંબિત ભાવનાથી સિંચાયેલી આશાના સોનેરી સ્વપ્નાં ખરાં પડવાનો ટાઇમ આવી [illegible] છે, તેવે સમયે તેમણે જરાએ બેદરકારી રાખવી ન જોઇએ. જરાએ આળસ રાખવી ન પાલવે, શિથિલતાને જરાએ પ્રવેશ કરવા દેવી જોઇએ નહિ, પરંતુ આવતી લડત માટે તૈયારી કરવી જોઇએ, તેના વ્યુહો રચવા જોઇએ.

આપણી કોન્ફરંસ લાંબા ટાઇમ પછી પુનઃ સંદ્‌ગત પ્રશ્નોને છણવા માટે કટિબદ્ધ થઇ રહી છે, મહારાષ્ટ્રવાસી સ્વધર્મી બંધુઓએ કોન્ફરંસનું અધિવેશન પોતાને ત્યાં ભરવાને માટે નોતરૂં આપી તમારે માટે સરળ માર્ગ કરી આપ્યો છે, એ સરળ માર્ગનો લાભ લેવાને આજના યુવાને ભુલવું જોઇએ નહિ, પરંતુ અત્યારે જે છુટી છવાઇ પોતાની શક્તિઓ હોય એ શક્તિઓને એકત્રિત કરી સામાજીક અને ધાર્મિક પ્રવૃત્તિઓમાં જે આસુરી શક્તિઓ ઘુસી ગઇ છે, ઘર કરીને બેઠી છે, તેની સામે પ્રચંડ મોરચો માંડવાની અગત્યતા છે, એ આસુરી શક્તિઓ જ્યાં સુધી સામાજીક અને ધાર્મિક પ્રવૃત્તિઓમાં સામ્રાજ્ય ભોગવી રહી છે, ત્યાં સુધી આજના યુવાનનાં સમાજોન્નતિનાં ભવ્ય સ્વપ્નાં કદિ પણ ખરાં પડશે નહિ, તેમનું વ્યક્તિત્વ કદિ પણ નહિ ખીલી શકે દૈવિ અને આસુરી શક્તિઓનો આ છેલ્લો રણસંગ્રામ છે એ ખ્યાલ રહે, તેમાં જય પરાજયનો આધાર આપણાં સંગઠન, સહકાર અને તૈયારી ઉપર રહેલો છે.

[જુઓ પાનુ ૪ થું.]

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

# જુન્નેર અધિવેશનની કાર્ય દિશા.

આ અધિવેશને જૈન સમાજમાં નવીન જાગૃતિ, નવું જોમ, અને અનેરી આશાઓ ઉત્પન્ન કરી છે. અનેક પ્રશ્નો આજે સમાજને મુંઝવણી રહ્યા છે, તેમાંથી છુટકારાનો દમ ખેંચવા માટેજ આ અધિવેશન ભરાતું હોય તો તેમાં નવાઇ નથી. સમાજની હાલની વિશકલ દશાથી સમાજ પોતાનો ઉત્કર્ષ સાધવાને અસમર્થ છે. વિચાર મતભેદોથી એવી તો છિન્નભિન્ન સ્થિતિ થઇ છે કે જો આ અધિવેશન તેનો યોગ્ય નિકાલ નહિ લાવે તો ભવિષ્યમાં સમાજ ઉપર સિંહાવલોકન કરી જતાં સમાજ અને ધર્મની આથી પણ વધારે છિન્નભિન્ન સ્થિતિ કરી નાખશે. માટે આ અધિવેશનમાં એવા પ્રશ્નો ચર્ચવાની આવશ્યકતા છે કે ભવિષ્યમાં સામાજીક શક્તિઓ બીજી રીતે નિરર્થક વેડફાઇ જાય નહિ. આમાં મુખ્ય પ્રશ્ન ભાગવતિ દીક્ષાનો છે. આ દીક્ષાના પ્રશ્ને જામનગર, પાટણ, ખંભાત, અને મુંબઇમાં જબરો કોલાહલ મચાવ્યો છે, એટલુંજ નહિ પણ તેથી અંગત મારામારી સ્થળે સ્થળે ઉભી થઇ છે, એટલે આ વખતે દીક્ષા સંબંધીનો પ્રશ્ન ચર્ચવાની અધિવેશનને ખાસ ફરજ પડે છે. દીક્ષા જેવી પવિત્ર વસ્તુ માટે આવો કોલાહલ ઉભો થાય તે આપણી પામરતા અને અજ્ઞાનતા છે. દીક્ષાને માટે યોગ્ય ઠરાવો પૂર્વાચાર્યોએ કરેલા છે અને તેના નિયમો પણ બાંધ્યા છે. છેવટમાં છેવટે વડોદરા મુકામે શ્રીમદ્ વિજયાનંદસૂરિશ્વરજીના સાધુ સમેલને જે ઠરાવો કર્યા છે તે ઠરાવો પણ ઘણાજ કિંમતિ છે. આવી રીતે ઠરાવો થયા છતાંપણ તેજ સંઘાડાના સાધુઓએ તેનું ઉલંઘન કર્યું છે, અને અયોગ્ય દીક્ષા આપવા માટે ગમે તેવા ડોળાડા રચી ભોળી જનતાને ભરમાવી છે. આમ કરવા છતાંપણ તેવાઓનું સ્થાન સમાજમાં અવ્યાબાધ રીતે ટકી રહેવા પામ્યું છે તે આપણી સંઘસત્તાની નિર્માલ્યતાજ સૂચવે છે. ખરૂં કહીએ તો દીક્ષા આપનાર અને અપાવનાર બાને માટે જવાબદાર છે. લક્ષ્મી અને સત્તાના મદમાં અંધ બનેલા સાધુભક્તો આવા કાર્યમાં ઉત્તેજન આપે છે અને તેથી છેવટે આપણને રાજ્યાશ્રય લેવાની પણ કઠીન ફરજ અદા કરવી પડે છે. આવી દીક્ષા જનહિતકારી નથી, તે તો સ્હેજે પુરવાર થઇ ચુક્યું છે. નાનાં બાળકોને દીક્ષા આપવાથી હાલમાં દીક્ષાને છોડી ભાગી જનારની સંખ્યામાં ઘણોજ વધારો થયો છે; એટલુંજ નહિ પણ દીક્ષાના વેષમાં રહીને કેટલાક જે સ્વચ્છંદપણે ખેલે છે, ભોળી જનતાને ઉંધા પાટા બંધાવી ભોળી સ્ત્રીઓને ફસાવે છે તેની તો અવધિજ નથી. જે સંસ્થા પ્રભુ મહાવીરની પાટ રૂપે પૂજનીય મનાય છે, તે સંસ્થામાં આવા અનાચારો અને અત્યાચારો થવા છતાં હજુ પણ તે સંસ્થાને સુધારવા માટે કંઇ પણ પગલાં, કોન્ફરંસનું અધિવેશન ન લે તો તેવા અધિવેશનની કિંમત સમાજમાં ફુટી બદામની પણ ન ગણી શકાય એમ અમે માનીએ છીએ. આ અધિવેશનમાં આ પ્રશ્નને પહેલું સ્થાન આપવાની અગત્ય છે અને તે સંબંધી યોગ્ય નિકાલ બહુમતિથી કે સર્વાનુમતિથી કરી તે પ્રમાણે વર્તન કરવાની સાધુ સંસ્થા ઉપર ફરજ નાંખવી જોઇએ. અને તે ફરજમાંથી ચ્યુત થનારને યોગ્ય શિક્ષા થવી જોઇએ. આવી રીતે જો આપણે કડક નહિ થઇએ તો ભવિષ્યમાં હાલની સાધુ સંસ્થાની સ્થિતિ પૂર્વકાળમાં થઇ ગયેલ ચૈત્યવાસીઓની સ્થિતિ કરતાં પણ વધારે ભયંકર નિવડશે.

અયોગ્ય દીક્ષાથી જૈનેતર પ્રજામાં પણ આપણી હાંસી થઇ રહી છે, જે સાધુ સંસ્થાને જૈનેતર પ્રજા પણ નમન કરવામાં ગૌરવ સમજતી હતી તે પ્રજા આજે છડેચોક સાધુ સંસ્થાની મનમાનતી નિંદા કરે છે તે કંઇ જેવી તેવી બાબત નથી. આનું કારણ કેવળ આપણી નિર્બળતા છે. આપણે તે સંસ્થાને સુધારી વ્યવસ્થાપૂર્વક તેને બનાવીએ તો તેના સામે આંગળી પણ ચીંધવાની કોઇની તાકાત રહે નહિ. યુવક સંઘને આ બાબત સત્ય જણાઇ હતી અને તેથીજ તેણે દીક્ષાની નિયમાવળી ઘડવામાં સફળતા મેળવી છે. એ નિયમાવળી ઉપર પણ અમે અધિવેશનનું ધ્યાન ખેંચીએ છીએ. અમે જ્યાં સુધી માનીએ છીએ ત્યાં સુધી તેમાં શાસ્ત્રાજ્ઞાને સામે રાખીનેજ બધા નિયમો ઘડવામાં આવ્યા છે, એક પણ નિયમ એવો નથી કે જેમાં શાસ્ત્રાજ્ઞાને બાજુએ મૂકી હોય, એટલે ખાસ કરીને એ નિયમાવળી ઉપર પણ વિચાર કરવાની અમે વિનતિ કરીએ છીએ. ત્યાર બાદ ઘણાજ પ્રશ્નો છે. 'દેવ દ્રવ્ય' સંબંધી પણ જનતામાં ઓછો ઉહાપોહ થયો નથી તેની ચર્ચા સમાજમાં આજે લગભગ દશથી બાર વર્ષ થયા ચાલે છે, તેનો ચોક્કસ નિવેડો આવ્યો નથી. આથી દિનપ્રતિદિન અવિશ્વાસ ઉત્પન્ન થતો જાય છે, અને પ્રથમની આવકમાં મોટો ઘટાડો થવા પામ્યો છે અને થતો જાય છે. આમ દાનની સુંદર પ્રણાલિકાનો નાશ થવા પામશે, જો દેવ દ્રવ્યની જુદી જુદી વ્યાખ્યાઓ કરી તેને જુદા જુદા રૂપે નિભાવવામાં આવે તો તેમાંથી ઘણું સરસ કાર્ય થઇ શકે કેવળ 'દેવ દ્રવ્ય' એ શબ્દમાંજ મારામારી રહી છે આ શબ્દ શાથી ઉત્પન્ન થયો તે પણ કેટલાક ચોક્કસપણે જણાવી શકતા નથી જે તીર્થંકરો માયાથી રહિત છે, તેમના નામની પેઢીઓ ચાલે, તેમના નામના ભંડારો હોય, એટલુંજ નહિં પણ તેમના નામે કરોડો રૂપીઆ, સોનો, ચેર સોનો વગેરેમાં રોકાય તે ધર્મ અને વ્યવહારથી ઉલટું દેખાય છે. મંદિરો એ આપણો મહાન વારસો છે, તેમાં બે મત છેજ નહિ. આબુ જેવા સુવિખ્યાત મંદિરોથી આપણે મગરૂર છીએ પરંતુ દેવદ્રવ્યની પ્રણાલિકા ફેરવીએ તેથી આપણે મંદિરો ઉડાવી નાંખવા માંગીએ છીએ, તેમ હોઇ શકેજ નહિ. હા, એટલું તો જરૂરી છે કે આપણે મંદિરોને મંદિરના રૂપમાં રાખવા; તેમાં મારામારી કે ધમાલ ઉભી કરવી તે અજ્ઞાનતા છે. શ્રાવકોના અભંગદ્વાર મનાય છે, ત્યારે મંદિરોના અભંગદ્વાર હોય તેમાં આશ્ચર્ય શું છે? પણ કમભાગ્યે જ્યારથી પ્રભુને હીરા, માણેક, મોતી અને સોના રૂપાના દાગીના ચઢવા લાગ્યા ત્યારથી તે દ્વારોને બંધ કરવામાં આવ્યાં છે. તેના ઉપર પોલીસ પહેરા મુકવામાં આવ્યા છે, શાન્તિના સ્થાનમાં ચોરી લુંટફાટ અને તેવા બીજા ગુન્હાઓ બનવા લાગ્યા છે. આ વસ્તુ સ્થિતિને જરાએ નિભાવી લેવા જેવી નથી. આ માટે પણ યોગ્ય નિર્ણય લાવવાની અનિવાર્ય આવશ્યકતા છે બાકીના વિષયો સંબંધીની યોગ્ય ચર્ચા અને અમારૂં મંતવ્ય અમે સમાજ આગળ હવે પછી રજુ કરીશું. આશા છે કે ઉપરના બન્ને વિષયો સંબંધી યોગ્ય ચર્ચા કરવાની સુંદર તક આ અધિવેશન બોલાવનારાઓ સમાજને આપશે.

# સમયનાં પ્રવાહમાં.

## વીરશાસનનું અરણ્ય રૂદન.

મુંબઇ જૈન યુવક સંઘની પ્રવૃત્તિઓ અને તેની સફળતા જોઇ બાઇબંધ 'વીરશાસન' રૂઠી ઉઠયું છે. મુંબઇ જૈન યુવક સંઘ જ્યારથી અસ્તિત્વમાં આવ્યો ત્યારથી તે પોતાના નાશની નોબતો વાગતી જોઇ રહ્યું છે, અને તેથી એક યા બીજી રીતે મુંબઇ જૈન યુવક સંઘને ઉતારી પાડવા માટે જનતામાં ગંદુ પ્રચારકાર્ય ચલાવી રહેલ છે. જો કે તે સંબંધી અમે આજ સુધી જરાએ ઇસારો કર્યો નથી, પરંતુ જ્યારે એ મર્યાદાઓ ઓળંગીને આગળ વધે છે, ત્યારે કંઇક જનતામાં ગેરસમજ ન થાય તે માટે તે યત્ન કરવો એ અમારી ફરજ છે. યુવક સંઘ કદિએ અંગત દ્વેષમાં ઉતર્યો નથી અને ઉતરશે પણ નહિ. તેણે પોતાનું વ્યવસ્થિત સભ્ય ભાષામાં પ્રચાર કાર્ય કર્યું છે, અને તે બાઇબંધ વીરશાસન અને તેના સહચારીઓને ભારે પડી ગયું છે, તેમાં જરાએ શક નથી. માણસ જ્યારે દલીલોમાં હારે છે, પોતાનો પક્ષ તૂટેલો જુવે છે, ત્યારે તે એકદમ વિતંડાવાદમાં ઉતરી પડે છે બાઇબંધ વીરશાસન પણ અત્યારે તે સ્થિતિમાં મૂકાયું હોય તો તેમાં જરાએ આશ્ચર્ય પામવા જેવું નથી.

યુવક સંઘ સાચી સાધુતાને માને છે, પૂજે છે, પોતાનું મસ્તક નમાવે છે, પણ જ્યાં સાધુતાને સ્થળે શેતાનીયતે પ્રવેશ કર્યો છે, જ્યાં શાસ્ત્રોનો શસ્ત્ર તરીકે ઉપયોગ થાય છે, અને આમ વિકાસને બદલે ખોટો આડંબર ઉભો કરવામાં આવ્યો છે, ત્યાં તે સખ્તમાં સખ્ત ખબર લેશે તેમાં બીલકુલ આશ્ચર્ય પામવા જેવું નથી.

અયોગ્ય દીક્ષાને લીધે આજના કહેવાતા સાધુઓ વગોવાઇ રહ્યા હોય તો તેની જવાબદારી તેવી અયોગ્ય દીક્ષા આપનારાઓ ઉપર રહે છે કે જેઓ સંખ્યાતાની અવગણના કરીને પોતાની મુરાદ બર લાવવાનો મરણીયો પ્રયત્ન સેવી રહ્યા છે, નહિં કે યુવક સંઘ ઉપર.

યુવક સંઘ દીક્ષામાં માને છે, તેણે કદિએ યોગ્ય દીક્ષા અટકાવવાનો પ્રયત્ન કર્યો નથી, કરશે પણ નહિ, પરંતુ જ્યાં અયોગ્ય દીક્ષાને બ્હાને દોડાદોડી થઇ રહી હશે, છતે ધણીએ જ્યાં યુવતિઓને વિધવા બનાવવાની તૈયારીઓ કરી હશે, જ્યાં માબાપો પાસેથી તેની મરજી વિરૂદ્ધ તેના બાળકોને ખેંચી લેવાની પોલીસીઓ ચલાવી હશે અને દીક્ષા આપવા માટે નસાડવા, ભગાડવા, કે સંતાડવાની રીતિઓ જ્યાં પસંદ કરવામાં આવી હશે ત્યાં તેનો બરાબર જવાબ માંગશે. યુવક સંઘનો વાંધો માત્ર અયોગ્ય દીક્ષા તરફ છે. તે માટે એક દીક્ષા સંબંધીની નિયમાવળી પણ બહાર પાડવામાં આવી છે.

દીક્ષાને રાક્ષસી પ્રથા કહેવામાં આવી હોય તો તેની જવાબદારી પણ તેવી અયોગ્ય દીક્ષાને ઉત્તેજનારાઓ ઉપર રહે છે કારણ કે જો તેવી અયોગ્ય દીક્ષાની પ્રવૃત્તિ તેઓ તરફથી બંધ પાડવામાં આવી હોત તો આજે જે વિખવાદનું કારણ સમાજમાં ઉપસ્થિત થયું છે તે કદિ પણ થાત નહિ, અને સમાજમાં એ વિખવાદ ન હોત તો આજે રાક્ષસી પ્રથાને નામે જે ઓળખાવે છે તે તેમ કરવાને હિંમત કરત નહિં.

યુવક સંઘે કદિએ ધર્મ વિરૂદ્ધનાં કાર્યો કર્યાં નથી. પણ ધર્મને નામે જ્યાં ધાંધલ ઉભું કરવામાં આવેલ છે ત્યાં જરૂર તેણે માથું ઉંચક્યું છે, જિનેશ્વર દેવની આજ્ઞાની વિરૂદ્ધ યુવક સંઘે કશું એ કર્યું નથી; અને તેમ માનવાને કારણ પણ આપ્યું નથી. બાઇબંધ વીરશાસનને અમે આટલું આશ્વાસન આપી જનતાને ચેતવીએ છીએ કે આવા ગંદા પ્રચાર કાર્યમાં કદિએ ફસાવું નહિ. આટલી નમ્ર સૂચના અત્યારે અમે યોગ્ય સમજીએ છીએ.

## દીક્ષાના ડાકુઓ કાવત્રા કરે છે.

### નફ્ફટાઇનો એક નમુનો.

—(૦)—

સ્વસ્તી શ્રી પાટણથી લખીતંગ આનંદચંદ્રજી મહારાજ આદે ઠાણાના તત્ર પાનસર મધ્યે સુશ્રાવિકાબાઇ ગજી જોગ ધર્મ લાભ પહોંચે વિશેષ લખવાનું કે તમારો પત્ર આજ-દિન પહોંચ્યો, વાંચી પાનસર ગયા એમ જાણ્યું. હવે નીકળ્યા છો માટે બરોબર નીકળી જાણજો અને મક્કમ રહેજો અને ખાવા માટે તમારી પાસે કાંઇ હાથીનો હોય તો સાક્ષી રાખી કારખાને મુકી રૂપીઆ લેશો એટલે તમને ખાવાનું થાશે. ખાવાની તાન રાખવી નહિ, શારીરિક સ્થિતિ બગડી જાય, અને કલોલમાં માસ્તર ગોરધન અમુલક, ઠેકાણું દેરાવાળી ધર્મશાળા પાસે રહે છે. જો તમે ત્યાં જશો તો તમારી સહાય તે કરશે; અમે પણ માસ્તરને કાગળ લખીશું માટે મુંઝાશો કોઇ પ્રકારે નહિ અને હિમ્મતમાં રહેજો; બીજુ અત્રે આજ દિને તમારી શોધ કરવા ચેણુજથી બે માણસ આવ્યા હતા. તેઓનું કહેવું કે તમારી પાસે છે, પણ અમે કીધું કે અહિં કોઇપણ આવ્યું નથી, પરંતુ તેવી વાત ચાલે છે તેથી અમે વેષ મોકલ્યો નથી, પરંતુ તે ધીમા પડયા જણાય છે માટે મુંઝાશો નહિ, મક્કમ રહેજો અને ગોરધન માસ્તરની સલાહ લેજો. અમારે વિહાર ઘણું કરીને તેરસનો કરવા વિચાર છે અને આટલામાં નજીક છે. પરંતુ તમે જે સરનામે કાગળ લખો છો ત્યાંજ લખજો જો તમને કદાચ તમારા સંબંધી આવીને મુંઝાવે તો કોઇ પ્રકારે મુંઝાવું નહિ અને જવાની ના કહેવી પરંતુ કદાચ જાઓ તો પણ એમ કહેવું કે મારે તો અત્યારથીજ સાધુપણુંજ છે. છકાયનો આરંભ બંધ છે અને કાચાપાણીને અથવા સુઝાને અડવાનો નિયમ છે અને પહેલે મુહુર્તે કામ કરવાનું છે માટે રજા આપો એ પ્રમાણે દ્દઢતાપૂર્વક કહેવું, કહેતાં જરાયે મુંઝાવું નહિ એજ.

કાવત્રું નિષ્ફળ જતાં બાઇ મણીને તેના બાપને ઘરે પહોંચાડી દેવાની ફરજ પડી છે.

## યુવાનોની પ્રાથમિક સભા.

અમારા તા૦ ૧૬–૧૧–૨૯ ના અંકમાં જણાવેલી યુવકોની પ્રાથમિક સભા ભરવાના દિવસો માહ શુદ ૮–૯ તા. ૬–૭ ફેબ્રુઆરી ગુરૂ–શુક્ર. યુવક સંઘ તરફથી નક્કી કરવામાં આવ્યા છે. પ્રાથમિક સભાને લગતા આમંત્રણ થોડા

વખતમાં લગભગ સમાન ઉદ્દેશવાળા યુવક મંડળો ઉપર મોકલવામાં આવશે. યુવક સંઘ પાસે જે લીસ્ટ હાલ સુધીમાં મંડળોનું તૈયાર થયું છે તેટલા આમંત્રણ તો મોકલાશે પણ કોઇ યુવક સંઘ કે સમાજ કે મંડળ જેના ઉદ્દેશ અત્રેના યુવક સંઘને લગભગ મળતા હોય તે છતાં તેમને આમંત્રણ ન મળે તો તે સંસ્થાએ યુવક સંઘના મંત્રીઓને લખી જણાવવું કે જેથી તરતજ આમંત્રણ મોકલવામાં આવશે.

આમંત્રણ મળેથી દરેક મંડળોએ અઠવાડીઆની અંદર પોતાના પ્રતિનિધિના નામ જરૂર મોકલી આપવાના છે. પ્રતિનિધિની સંખ્યા દરેક મંડળોએ ૧ થી ૫ સુધીમાં ચુંટવાની છે. પ્રાથમિક સભામાં ચર્ચવાના ઠરાવોનો મુસદ્દો એક અઠવાડીયા પછી મોકલવામાં આવશે તે ઠરાવો દરેક મંડળોએ પોતાની સામાન્ય સભા પાસે રજુ કરી તે ઠરાવો સંબંધીનો નિર્ણય કરવો.

જે કાંઇ સુધારા સુચવવા હોય તો તે મંડળે પોતાના પ્રતિનિધિને પ્રાથમિક સભામાં રજુ કરવા માટે સત્તા આપવી. પ્રાથમિક સભામાં આગલે દિવસે બહારગામના મંડળોના પ્રતિનિધિ તથા યુવક સંઘની મેનેજીંગ કમિટિ સાથે મળી સબજેકટ કમિટિના રૂપમાં ઠરાવ ઉપર ચર્ચા કરશે. બીજે દિવસે જાહેર સભામાં જનરલ સભાના સભ્યો તથા મંડળના પ્રતિનિધિ ઉપરાંતના વધારે યુવાનો અને આમંત્રિત ગૃહસ્થો ભાગ લેશે. તે પ્રસંગે ઠરાવો ઉપર સામાન્ય વિવેચનો તથા ભાષણો થશે. માટે દરેક યુવકોના મંડળો અવશ્ય આ પ્રાથમિક સભામાં ભાગ લેશે. કોન્ફરંસમાં હાજરી આપનાર યુવાનોને આ પ્રાથમિક સભામાં હાજરી આપવા ખાતર ચોવીસ કલાકજ મુંબઇ વહેલું હાજર થવું પડશે; બીજી અનુકુળતા ન હોય તેવા દરેક પ્રતિનિધિ માટે યુવક સંઘ તરફથી સગવડ કરવામાં આવશે. જો પ્રાથમિક સભામાં યુવાનો રસપૂર્વક ભાગ લેશે તો યુવાનોના એકત્રિત અવાજ તરીકે ખાસ ઠરાવો કોન્ફરન્સમાં રજુ થઇ શકશે. યુવકોની પ્રાથમિક સભામાં નીચેના સવાલો ઉપર ખાસ વિચાર ચલાવવામાં આવશે. અયોગ્ય દીક્ષાપ્રવૃત્તિ, સખાવતનો ઉપયોગ, કેળવણી વિસ્તાર, હિસાબની ચોખવટ, કોન્ફરન્સનું બંધારણ, યુવક પરિષદની આવશ્યકતા.

## જુનેર કોન્ફરન્સના પ્રમુખ:

બંધારણ વગરની સંસ્થામાં કાર્ય કરનારાઓને માથે ઘણી જોખમદારી આવી પડે છે. બંધારણ હોય છતાં પણ તેનો વ્યવહારૂ અમલ થયો ન હોય તો પણ કામ કરનારાઓને મુશ્કેલીનો પાર રહેતો નથી. કોન્ફરન્સના પ્રમુખપદ તરીકે શેઠ રવજી સોજપાળની પસંદગી કરવામાં આવી છે. એક વાત ખાસ પ્રથમથી કહી દઇએ કે શેઠ રવજીભાઇને અંગે અંગત અમારે કાંઇ કહેવાનું છેજ નહિ. તેમની છેલ્લી કોન્ફરન્સની ખાસ બેઠક પ્રસંગની સ્વાગતસમિતિના પ્રમુખ તરીકેની સેવા અમે ભૂલી શકાય તેમ નથી, તેમજ તેમના બીજા કોમના હિતના કાર્યો સંબંધી બે મત છેજ નહિ. તેમના નિખાલસ સ્વભાવના અમે ખાસ વખાણનારા છીએ પણ હાલ જે વાતાવરણ કહેવાતા શાસન રસિકો (?) તરફથી તૈયાર કરવામાં આવ્યું છે ને હજી જે ઉશ્કેરણી ફેલાવવામાં આવે છે તે જોતાં તેમની આ બેઠકને અંગે પ્રમુખ તરીકેની નીમણુંક કોઇ પણ રીતે ઇચ્છવાયોગ્ય નથી. એક બીજો પણ વાંધો આ સંબંધમાં અમારે રજુ કરવાનો છે. એક પત્રકારના સાંભળવા મુજબ પ્રમુખપદના સ્વીકારમાં સરતો નક્કી કરવામાં આવી છે. આ હકીકતનો ખુલાસો તે કોન્ફરંસ ઓફીસ અગર સ્વાગતસમિતિ તરફથી સત્તાવાર રીતે પ્રગટ થવાની જરૂર છે કારણ કે તેવી સરતો કરવાનો કોન્ફરંસના બંધારણ મુજબ કોઇનો પણ હક નથી. યુવાનોએ આવી સરતી કોન્ફરંસમાં ભાગ લેવો કે નહિ તે પણ વિચારવાયોગ્ય પ્રશ્ન છે. સત્તાવાર ખુલાસો પ્રગટ થયા પછી આ બાબતમાં વધુ વિચારો રજુ કરશું.

( અનુસંધાન પાના ૧ નું ચાલુ. )

સંગઠન માટે મુંબઇમાં યુવક સંમેલન ભરાવાનું યુવક સંઘ તરફથી નક્કી કરવામાં આવ્યું છે, અને તેની તારીખો ૬–૭ ફેબ્રુઆરી ૧૯૩૦ ની નક્કી કરવામાં આવી છે, તે પ્રસંગે જ્યાં જ્યાં યુવક સંઘો હોય, જ્યાં જ્યાં યુવક મંડળો અસ્તિત્વ ધરાવતાં હોય ત્યાં ત્યાંથી મોટા પ્રમાણમાં યુવકોએ ઉતરી આવવું જોઇએ, અને પોતાનો અવાજ એકત્રિત કરી તેને કોન્ફરન્સના અધિવેશનમાં રજુ કરવો જોઇએ.

સહકાર માટે યુવક મંડળો અને સંઘોના વિચારો તરફ તથા તેના કાર્યો તરફ જે જે છુટી છવાઇ વ્યક્તિઓની સહાનુભૂતિ હોય તેવી વ્યક્તિઓનો સહકાર મેળવી મહાન પીઠબળ ઉત્પન્ન કરી વ્યવસ્થિત પ્રચારકાર્યમાં લાગી જવું જોઇએ.

કોન્ફરન્સના અધિવેશનમાં ભાગ લેવા માટે ચુંટાઇને જતા ડેલીગેટો મોટે ભાગે નૂતન વિચારથી આચ્છાદિત હોય અને વિશ્વની ગતિનું જેને ભાન હોય તેવા હોવા જોઇએ; તેઓનીજ ચુંટણી થાય તે માટે દરેક ગામના યુવક સંઘોએ પોતાની લાગવગનો ઉપયોગ કરવો જોઇએ, તેમજ તે માટેનું યોગ્ય પ્રચારકાર્ય પણ હાથ ધરવું જોઇએ.

આમ મોટા પ્રમાણમાં આપણા ડેલીગેટોને ચુંટી તેમાંથીજ યોગ્ય વ્યક્તિને લીડર નીમવો જોઇએ, ત્યારેજ આપણી લડત વ્યવસ્થિત થશે અને આપણે આપણી ઉન્નતિમાં આડી આવતી શક્તિનો પરાજય કરી શકીશું.

આજના યુવાનો આ બાબત સમજે એટલે વિજય યુવાનોનોજ છે.

—રા. મથુર.

## :: લવાજમ ::

વાર્ષિક (ટ. ખ. સાથે) રૂા. ૨–૦–૦
સંઘના (સ્થાનિક) સભ્યો માટે રૂા. ૧–૦–૦

**છુટક નકલ:** મુંબઇમાં અડધો આનો. બહારગામ પોણો આનો.

આ પત્રિકા છ. પી. ગોસલીયાએ "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, બાબા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ, નાં૦ ૩ મધ્યે છાપી, અને જમનાદાસ અમરચંદ ગાંધીએ [illegible] બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ મધ્યેથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી: જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. | સંવત ૧૯૮૬ ના પોષ વદી ૬. તા૦ ૨૦-૧-૩૦ | અંક ૪ થો.

## નોંધ અને ચર્ચા.

### દેવદ્રવ્ય અને કોન્ફરન્સ.

—(૦)—

દેવદ્રવ્ય વિષે ગતાંકના અગ્રલેખમાં યોગ્ય વિચારો અમે રજુ કર્યા હતા. દેવદ્રવ્ય વિષે કેવો ઠરાવ કોન્ફરન્સે પસાર કરવો જોઇએ તે વિષે જુદા જુદા દૃષ્ટિબિંદુ ઉપર ખ્યાલ રાખી નિર્ણય કરવો જોઇએ; કોમના આગેવાનોએ દેવદ્રવ્ય અંગેની હાલની પરિસ્થિતિનો વાસ્તવિક ખ્યાલ કરી સામાન્ય વર્ગને દિશા સુચવવી જોઇએ. દેવદ્રવ્યની હાલની પરિસ્થિતિમાં દેવમંદિરની રક્ષા કરવામાં—તેને નિભાવવા માટે જેટલું દ્રવ્ય જોઇએ તે છે ખરૂં કે નહિં? દેવદ્રવ્ય જે ભેગું થાય છે, થયું છે, તેની ઉપર સમગ્ર હિંદુસ્થાનના દેવ મંદિરોનો હક ખરો કે નહિં? તે પૈસા સમગ્ર હિંદુસ્થાનના દેવ મંદિરની રક્ષામાં વાપરી શકાય ખરાં કે નહિં? દરેક મંદિર માટે જુદા જુદા ફંડો–દેવદ્રવ્યો ઉભા કરવા જોઇએ એવું તો કોઇ કહી શકેજ નહીં. સમાજ સારી પેઠે જાણે છે કે ચોક્કસ તીર્થો તથા મંદિરોના ટ્રસ્ટ વહીવટમાં દેવદ્રવ્યને અંગે ઘણી સારી રકમો મોજુદ છે. કેટલાક મંદિરો સામાન્ય મીલ્કતવાળા છે. કેટલાક ચાલુ ખર્ચ પુરતીજ આવક ધરાવે છે. કેટલાક મંદિરો જીર્ણ થયેલા છે તેને સુધારવા માટે તે તે મંદિરોના ટ્રસ્ટી પાસે મીલ્કત કે ચાલુ આવક જેમાનું કાંઇ નથી, આવી સ્થિતિ છે. હવે જેમ મહાવીર પ્રભુની મૂર્તિ એક સ્થાને છે તેવીજ બીજે સ્થળે હોય છે. એકનું મંદિર ભવ્ય અને બીજાનું જીર્ણ, તે કઇ રીતે ચલાવી શકાય? શા માટે ટ્રસ્ટીઓ પાસેના ચોક્કસ નિર્ણીત કરેલા બજેટ ઉપરની રકમ અન્ય મંદિરોમાં વાપરવાની ફરજ ન પાડી શકાય? સ્થાનિક ટ્રસ્ટીઓ અથવા કમિટિઓ સ્થાનિક વહીવટ ભલે સ્વતંત્ર રીતે ચલાવે પણ વધારાની આવક શા માટે અન્ય દેરાસરોની રક્ષાને અર્થે ન વાપરવી જોઇએ? આ વસ્તુનો નિર્ણય કરવા એક સેંટ્રલ કમિટિની નીમણુંક થવી જોઇએ. એક હકીકત વચ્ચે જણાવી દઇએ કે આણંદજી કલ્યાણજીનું બંધારણ વધારે વિશાળ અને જવાબદાર બનાવવામાં આવે તો તે કમિટિ સેંટ્રલ કમિટિ તરીકે નીમાય તેમાં ખાસ વાંધો હોઇ શકે નહિં. બીજી હકીકત દેવદ્રવ્યની મીલ્કતની રોકાણ ઉપર આવી કમિટિ ખાસ દેખરેખ રાખી શકશે કારણ કે હિસાબો તૈયાર કરવાની ફરજ મંદિરોના વહીવટદારો ઉપર પાડી શકાય. તે હિસાબ સેંટ્રલ કમિટિ ઉપર વર્ષ પુરૂં થયે ૭ માસની અંદર મોકલી આપવાનો નિયમ કરવો જોઇએ. આ બધી હકીકતને દેરાસરોના વહીવટદારો માન ન આપે તો શું પગલા લેવા તે કમિટિ નીમાય તે પ્રસંગે સુચના રજુ કરી શકાશે. હાલતુરત નીચેના ઠરાવ કોન્ફરન્સ પસાર કરે તે ઉચિત ગણાશે.

(૧) "દેવદ્રવ્ય અંગેની મિલ્કત તથા તે નિમિત્તની ચાલુ આવક જોતાં આ કોન્ફરન્સ ઠરાવ કરે છે કે પ્રત્યેક જૈને પોતાના દ્રવ્યનો વ્યય હાલતુરત એ ક્ષેત્રમાં ન કરતાં અન્ય ઉણપતાં ક્ષેત્રોને પોષવામાં કરવો કેમકે જે કાળે જે ક્ષેત્ર સીદાતું હોય એમાં દ્રવ્ય વાપરવાનું ખુદ પ્રભુનું પણ ફરમાન છે."

(૨) "દેવદ્રવ્યનું સારી રીતે સંરક્ષણ થઇ શકે, હિસાબની ચોખવટ રહી શકે અને સારી ને સીધી રીતે દેખરેખ રાખી શકાય તથા જ્યાં એ દ્રવ્યની જરૂર હોય ત્યાં (તેવા મંદિરોમાં) આપી શકાય એટલા સારૂ આ કોન્ફરન્સ નીચે મુજબ સેંટ્રલ કમિટિની નીમણુંક કરે છે."

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ.

### સામાન્ય સભા.

—(૦)—

ઉપરોક્ત સંઘની એક મીટીંગ બુધવાર તા૦ ૨૨-૧-૩૦ પોષ વદી ૮ ના રોજ રાત્રે ૮ કલાકે (સ્ટાં. ટા.) પાયધુની માંગરોળ જૈન સભાના હોલમાં નીચેના કાર્યો સારૂ મળશે તો દરેક સભ્યોને વખતસર હાજરી આપવા વિનંતિ છે.

૧ જુન્નેર કોન્ફરન્સ માટે આપણા તરફના પ્રતિનિધિઓની ચુંટણી કરવા.

૨ મંત્રીઓ રજુ કરે તે.

જે વખતે રા. મોહનલાલ દીપચંદ ચોકસી "શ્રી જુન્નેર કોન્ફરન્સ અને યુવાનો" એ વિષય ઉપર ભાષણ આપશે.

લી૦
મંત્રીઓ,
શ્રી જૈન યુવક સંઘ.

તા. ક.—ઉપરની સભાના વખતે લવાજમ ચાલુ વર્ષનું જેનું બાકી છે તે સભ્યોને સાથે લાવવા વિનંતિ છે.

**મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.**

पक्षपातो नमे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

# જુન્નેર કોન્ફરન્સની કાર્ય દિશા.

## બેકારીનો ગંભીર પ્રશ્ન.

---:*:---

આગમવતિ દીક્ષા અને દેવદ્રવ્ય સંબંધી સૂચના કર્યા પછી હવે અમે સમાજને ગંભીરરીતે કોતરી ખાતા બેકારીના પ્રશ્ન તરફ સમાજનું લક્ષ્ય ખેંચવા માંગીએ છીએ. દુનીઆની છેલ્લી મહાન લડાઇમાં હિંદનો વેપાર ઠીક ઠીક જામ્યો હતો. બીજા દેશો જ્યારે લડાઇની સામગ્રી એકઠી કરવામાં પડ્યા હતા ત્યારે હિંદે પોતાનો પગદંડો પરદેશોમાં થોડે ઘણે અંશે જમાવ્યો હતો. હિંદી મીલોનું સુતર અને કાપડનું ચીન અને આફ્રીકા ગ્રાહક બન્યું હતું તેમજ કાચા માલના ભાવો એટલા બધા વધી ગયા હતા કે તેથી પરદેશથી નાણું હિંદમાં તણાઇ આવતું હતું પણ તે સમય ગયો, લડાઇ બંધ થઇ. યુરોપ, અમેરિકા અને જાપાને તીવ્ર હરીફાઇ શરૂ કરી, તેથી હિંદનો જ્યાં જ્યાં પગદંડો હતો ત્યાંથી ઉઠાવગીરી કરવાની ફરજ પડી. તેને પરદેશી મુડીવાદીઓએ પોતાની સરકારના ટેકાથી હિંદના બજારો પોતાને કબજે કર્યાં અને કાચો માલ સસ્તાની હરીફાઇમાં ઉતરી પણજ નીચા ભાવે ઘસડી જવા લાગ્યા જેથી અનેક નામાંકિત વેપારીઓને દિવાળાં કાઢવા પડયાં, વધુમાં હુંડીની કૃત્રિમ નીતિ અખત્યાર કરવામાં આવી આમ થવાથી કરોડોરૂપીઆ પરદેશમાં ઘસડી જવામાં આવ્યા. પરદેશીઓ હિંદના વેપાર સામે કાતીલ હરીફાઇ કરી રહ્યા છે અને તેથી હિંદના દરેક વેપારો પડી ભાંગ્યા છે, કેટલીક નવી નવી ઉભી થએલી કંપનીઓએ દિવાળા કાઢયાં એટલે તે કંપનીઓમાં રોકાએલા ગરીબોનાં લાખો અને કરોડો રૂપીઆનું પાણી થયું છે, આમ થવાથી ખુલ્લી ગરીબાઇ અને બેકારી નજર સામે તરી આવે છે. આવી સ્થિતિ હોવા છતાં પણ આપણી વિદેશી સરકાર તેને સુધારવા માટે ચાંપતા પગલાં લેવા કશું કરતી નથી. વિદેશી સરકાર એમ સમજે છે કે હિંદના વેપાર ઉદ્યોગોને આબાદ બનાવવા જતાં વિલાયતનાં વેપારો પડી ભાંગે એ નિઃસંશય છે. આમ ચુસણ નીતિ દિનપ્રતિદિન વધતીજ જાય છે. આરોયે હિન્દુસ્તાન બેકારીમાં સબડી રહ્યો છે, તેમાંથી જૈન સમાજ પણ છટકવા પામ્યો નથી એ કહેવાની ભાગ્યેજ જરૂર હોય. એક વખત એવો પણ હતો કે સમગ્ર હિંદના વ્યાપારનો મોટો ભાગ જૈનોના હાથમાં હતો. હિંદની દરેક કોમો કરતાં જૈનો શ્રીમંત વધારે હતા, એટલુંજ નહિ પરંતુ પરદેશોમાં પણ જૈનોએ વ્યાપારી આલમમાં ઓછી નામના મેળવી નથી, પણ આજે એ સમય અદ્રશ્ય થયો છે. લોર્ડ કર્ઝન જેવા મુત્સદ્દીઓને પણ એક વખત કહેવું પડયું હતું કે હિન્દની લક્ષ્મીનો ૨/૩ ભાગ જૈનોના હાથમાં ફરે છે. આ બાબતને લગભગ પચ્ચીસજ વર્ષ થયાં છે તેટલામાં ખુબ રૂપાન્તર થયું છે, તેનું કારણ વિદેશી સરકાર છે. આજે જૈન સમાજનો મોટો ભાગ દયાજનક સ્થિતિમાં મૂકાઇ ગયો છે જો કે જૈનોમાં પણ અમુક ભાગ શ્રીમંત છે. પરંતુ તેથી જૈન કોમ સુખી છે. એમ કહી શકાય નહિ. જૈનોનો મુખ્ય વ્યાપાર બેંકીંગનો હતો. વ્યાજ, વટાવ, હુંડી, પત્રી, ચાંદી, સોનું, વગેરેથી તેઓ સુખરૂપ પોતાનો નિર્વાહ ચલાવતા હતા, પણ દુષ્કાળ, અતિવૃષ્ટિ અને બીજા તેવાંજ કારણોથી તેમનો વ્યાપાર પડી ભાંગ્યો. આમ ગામ્ય વ્યાપાર પડી ભાંગવાથી તેઓ શહેરોમાં આવી વસ્યા. શહેરોમાં ચાલતા સટ્ટામાં તેમણે ઝંપલાવ્યું અને પાયમાલ થયા. આથી ઘણા કુંટુંબો આબરૂ બચાવવાને ખાતર યમરાજના મહેમાન થઇ ચુક્યાં છે. બેકારીથી કોમમાં અનીતિ અને અનાચારે પણ પ્રવેશ કર્યો છે. મંદિરો જેવા ધાર્મિક સ્થળોમાં પણ અમુક જૈનો ચોરી કરતાં શીખ્યા છે અને તે પણ મુગટ, ખમીસ અને ભંડાર ઉપર મૂકેલા પૈસાની. આવા જૈનો જ્યારે પકડાય છે, ત્યારે તેને ખુબ મારપીટ કરવામાં આવે છે, અને પછી છોડી દેવામાં આવે છે. પરંતુ તેણે શા માટે ચોરી કરી? તેના કારણો શું છે? તે તપાસવાની કોઇને ફુરસદ નથી. આ કંઇ જેવી તેવી બાબત નથી. જૈનોમાં સ્વામીવાત્સલ્યનું મહત્વ કંઇ ઓછું નથી પરંતુ તેનો ઉદ્દેશ દુધપાક પુરી જમાડવા સિવાય કશો હોતો નથી, ખરેખર એ ખેદજનક છે. સ્વામીવાત્સલ્યનું મહત્વ કુમારપાળને સમજાવવા માટે કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે પોતાનાં અંગ ઉપર ઘણુંજ જાડું વસ્ત્ર પરિધાન કર્યું હતું. કુમારપાળે તેનું કારણ પૂછતાં જણાવ્યું કે કેટલાક તારા સ્વધર્મી બંધુઓ દુઃખી હાલતમાં છે, એક પણ જૈન દુઃખી હાલતમાં હોય ત્યાંસુધી તારે અને મારે સારાં કપડાં પહેરવાં ન શોભે. જો કે આ તો દંતકથા છે, પરંતુ સ્વામીવાત્સલ્યનો કેટલો ગંભીર અર્થ છે તે આમાં સ્પષ્ટ ઝળકી રહ્યો છે. આજનાં આપણા તારણહાર તરીકેનો દાવો કરતા કહેવાતા તારણહારો જો આ દંતકથા તરફ લક્ષ્ય દોરે તો બેકારીના પ્રશ્નને ઉકેલવો એ કંઇ મોટી બાબત નથી, પરંતુ ઉજમણાં, ઉપધાન, સંઘ, મંદિરોની પ્રતિષ્ઠામાંથી અને તેવા બીજા ધમાલોથી આપણા તારણહારોને અવકાશજ કયાં છે? ભૂખમરાથી કેટલાક કુટુંબો જૈન મટી જૈનેતર થવાના દાખલાઓ કંઇ ઓછા બન્યા નથી. આવી કફોડી સ્થિતિ ઉપસ્થિત થવા છતાં પણ આપણા આગેવાનોની આંખ ન ઉઘડે એ નવાઇની વાત છે. આ માટે તાત્કાલિક ઉપાયો યોજવાની જરૂર છે. આ બાબતમાં કોન્ફરન્સ ધારે તો પર્યાપ્ત કાર્ય કરી શકે તેમ છે. આ બાબતનો નિકાલ લાવવા અમે નીચેના મુદ્દાઓ તરફ ધ્યાન ખેંચીએ છીએ.

(૧) જૈનોની દરેક સામાજીક સંસ્થામાં જૈનોની પ્રથમ પસંદગી કરવી.

(૨) દરેક જૈન શ્રીમંતોએ પોતાની પેઢી અને ઓફીસોમાં જૈનોનેજ નોકરીએ રાખવા.

(૩) નાના હુન્નર ઉદ્યોગો માટે લોન તરીકે નાણા ધીરી શકાય તેવું વિશાળ ફંડ ઉભું કરવું.

(૪) જૈન બેંકની સ્થાપના કરી તે દ્વારા હુન્નર ઉદ્યોગ ખીલવવાનો પ્રયાસ કરવો.

(૫) નિરાધાર અને લુલા તથા અપંગ તેમજ વિધવા બ્હેનોને યોગ્ય સહાય આપવા એક નિરાધાર સહાયક ફંડ ખોલવું.

આ ઉપાયો તો માત્ર સમાજની હાલની સામાન્ય બેકારી હટાવવા માટેજ રજુ કર્યાં છે. પણ ખરી બેકારી તો ત્યારેજ નાશ પામે કે જ્યારે હિન્દના હુન્નર ઉદ્યોગ અને વેપારો આબાદ બને. આ સંબંધી દેશની મહાસભાએ વિચાર કર્યો છે અને તેના કારણમાં તેને પરદેશી સરકારની ધુંસરી માલુમ પડી છે, તે ધુંસરી ફગાવવા માટે તે પ્રયત્ન પણ કરી રહી છે. જૈન સમાજે પણ તેને સંપૂર્ણ સહકાર આપવાની જરૂર છે.

# નીરગ્રંથ પ્રવચનોપાસકને જવાબ.

"મુંબઇ સમાચાર" પેપરમાં ઘણા સમય થયાં નીરગ્રંથ પ્રવચનોપાસક દીક્ષાની બીરૂ લઇ નાની ઉમરનાં મનુષ્યોને પણ દીક્ષા આપવી એમાં શાસ્ત્ર સંમત છે એવા લખાણમાં નાની-વડી દીક્ષાના ભેદ પાડી જુદા જુદા શાસ્ત્રોનાં નામો લખી "ક્ષયોપશમ" શબ્દ વાપરી ભાંગરો વાટી રહેલ છે, તો તેથી જનતા આવા દાંભિક લખાણોથી ન છેતરાય તેને માટે સ્પષ્ટ શબ્દોમાં ટુંકામાં તેનો ઉત્તર લખવાની ફરજ પડે છે.

નાની દીક્ષામાં જ્ઞાનની જરૂર નથી. ફક્ત પાપ-પુન્ય સમજવાનીજ જરૂર છે અને નાની દીક્ષાને અને જ્ઞાનને કંઇ સંબંધ નથી કેમકે દીક્ષા એ ચારિત્ર મોહનીય કર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થાય છે અને જ્ઞાન તો જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી થાય છે; તેમ ભેદ પાડી મુર્ખોને દીક્ષા આપવામાં વાંધો નથી તેમ દીક્ષાની લાગેલી તાલાવેલીવાળાઓનો બચાવ નીરગ્રંથ પ્રવચનોપાસક કરે છે. તેના ઉત્તરમાં માત્ર નીચેની વાતોનોજ જનતાએ વિચાર કરવો ઘટે.

પ્રથમ વાત એ છે કે લેખક ચારિત્રમોહનીયના ક્ષયોપશમને પ્રધાન પદ આપે છે ત્યારે તેણે સમજવું જોઇએ કે સમ્યક્ત્વ વિના ચારિત્ર કદી હોઇ શકેજ નહિ; તો સમ્યક્ત્વ મોહનીય કર્મનો ક્ષયોપશમ પહેલાં થવો જોઇએ અને તે પછી અનંતાનુબંધિ ક્રોધ, માન, માયા, લોભનો નાશ થવો જોઇએ તો જે અયોગ્ય દીક્ષા માટે તૈયાર થાય છે ને પોપટની માફક "મને સંસાર ગમતો નથી, સંસારથી હું વિમુખ છું, સંસાર અસાર છે માટે દીક્ષા લેવી છે" તેવા ખાનગી શિક્ષણથી મળેલા શબ્દો બોલી જાય તેથી તેને ચારિત્ર મોહનીયનો ક્ષયોપશમ થયો છે તેમ માની લેવું એજ પ્રથમ શાસ્ત્ર વિરૂધ્ધ છે. કેમકે સમ્યક્ત્વ મોહનીયનો ક્ષયોપશમ જાણવા માટે છદ્મસ્થજ્ઞાન બીલકુલ ઉપયોગી નથી. એ તો કેવળજ્ઞાની હોય તેજ જાણી શકે અને તેથીજ સુત્રોમાં ઘણા સ્થળોએ ગૌતમ સ્વામી જેવા ચાર જ્ઞાનના ધણીએ પ્રભુને પ્રશ્ન કરેલ છે કે અમુક જીવ સમકીત ધારી છે કે મિથ્યાદ્રષ્ટિ છે. તે સમકીતી અને મિથ્યાદ્રષ્ટિનું પૃથક્કરણ જ્યારે ગૌતમ સ્વામી જેવા નથી કરી શકયા તો પછી હાલના દીક્ષાના હીમાયતીઓ ગૌતમ સ્વામી કરતાં કયા અપૂર્વ જ્ઞાનથી સમજી શકે છે કે બાલ દીક્ષીતને સમ્યક્ત્વ પ્રાપ્ત થયું છે. "સમ્યક્ત્વ વિણુ ચારિત્ર નહિ" એ વાત તો સ્પષ્ટ છે. વળી નાનીદીક્ષા જે વખતે અપાય છે તે વખતે "સમ્યક્ત્વ સામાયિક, શ્રુતસામાયિક, અને સર્વ વિરતિ સામાયિક" એ પાઠ ઉચ્ચારવામાં આવે છે. સમ્યક્ત્વ ક્ષયોપશમ વિના સમ્યક્ત્વ સામાયિક નજ હોઇ શકે, અને જ્ઞાનાવરણીયના ક્ષયોપશમ વિના શ્રુતસામાયિક ન હોઇ શકે તો સમ્યક્ત્વ ક્ષયોપશમ વિના અને શ્રુતજ્ઞાનના ક્ષયોપશમ વિના એકલા ચારિત્રમોહનીયના ક્ષયોપશમને આગળ ધરે તે ભોળા લોકોને છેતરવાની રમત રમી આંખે પાટાબાંધવાની જાદુઇ બાજી લેખદ્વારા રમવામાં આવે છે; તે હવે આ જમાનામાં ચાલી શકે તેમ નથી. આ બુદ્ધિવાદનો જમાનો છે અને નીરગ્રંથ પ્રવચનોપાસકે સમજવું જોઇએ કે અંધશ્રદ્ધાનો જમાનો હવે ગયો છે.

નાનીદીક્ષામાં જ્ઞાનની જરૂર નથી એ વાત ઉપરની હકીકતથી ખોટી ઠરે છે. દર્શન અને જ્ઞાન પ્રથમ આવશ્યક છે અને પછીજ ચારિત્ર સંભવે એ વાત પણ ઉપરની હકીકતથી સિદ્ધ થાય છે. કેમકે સમ્યક્ત્વ સામાયિક તથા શ્રુતસામાયિક એ બે બોલ્યા પછીજ સર્વ વિરતિ સામાયિકનો આલાવ બોલાય છે, તેથી **सम्यक् दर्शन ज्ञान चारित्राणि मोक्ष मार्गः।** એ તત્વાર્થના પહેલા સુત્રમાં જે કહેલ છે તે વાત સિદ્ધ થાય છે, એટલે "સમ્યક્" શબ્દ સમકીત વિના વપરાય નહિ. સમ્યક્ત્વ હોય તોજ સમ્યક્ જ્ઞાન અને ચારિત્ર હોઇ શકે. વળી લખે છે કે એનો છ કાયના જીવની દયા પળે કે ન પળે પણ સામાયિક ચારિત્ર આપી શકાય; આથી તો મૂર્ખાઇની હદ ઓળંગી જવાય છે. પાપનું જ્ઞાન હોવું જોઇએ તેમ લખી અને તેનું જ્ઞાન ન હોય તો ચાલે આ વદતો વ્યાઘાત એક સામાન્યમાં સામાન્ય મનુષ્ય પણ સમજી શકે તેમ છે. **पढमं नाणं तओ दया!** પ્રથમ જ્ઞાન અને પછી દયા. પાપનું જ્ઞાન પ્રથમ હોવુંજ જોઇએ અને તોજ તે પાપથી બચી શકે. સંસારની અસારતા સમજવી અને મોક્ષની ઇચ્છાથી સંસાર ત્યાગ કરવો એમાં શું ઓછા જ્ઞાનની જરૂર છે? સંસારની; અનિત્યતા, આત્મસ્વરૂપનું જ્ઞાન, મોક્ષસ્વરૂપનું જ્ઞાન અને તેની કિંમત એ બધું જ્ઞાન વિના સંભવે ખરૂં? અને જ્યાંસુધી કોઇપણ વ્યક્તિને કોઇપણ વસ્તુનું જ્ઞાન હોતું નથી ત્યાંસુધી તે વ્યક્તિ તે વસ્તુનો સ્વિકાર કે ત્યાગ કદી નજ કરી શકે. નાનું બાળક સર્પના જ્ઞાનના અભાવથી સર્પને પકડવા રહે છે. ખાવાની ચીજનું જ્ઞાન હોવાથી તે મેળવવા આતુર બને છે, માટે જ્ઞાન વિના ત્યાગ કે સ્વિકાર કદિ બની શકેજ નહિ. **प्रयोजनंम विना मंदोऽपि न प्रवर्तते।** પ્રયોજન નક્કી કર્યા વિના મુર્ખ મનુષ્ય પણ પ્રવૃતિ કરતો નથી-તો પછી જે ડાહ્યો થઇ પાપનો ત્યાગ કરવા, તેને સમજવા પછી તૈયાર થાય છે અને માતા, પિતા, ભગિની, સ્ત્રી વગેરેનો મોહ તજવા કટીબદ્ધ થઇ મોક્ષ માટે દીક્ષા લેવી તેમ સમજે છે તે શું જ્ઞાન વિના હોઇ શકે? કેટલું વિશેષ જ્ઞાન તે માટે તો જોઇએ. વાંચકો પોતેજ સમજી શકશે કે અનેક વાતો વાંચી કે સાંભળી હોય છતાં મોહ મુકાતો નથી અને ફક્ત આઠજ વર્ષનો બાળક નિર્મોહી બની સંસાર ત્યાગ માટે તૈયાર થાય તે વાત માની, મનાવી મુંડી નાખવો અને તેમાં શાસ્ત્રો સંમત છે તેમ કહી શ્વેત વસ્ત્ર ઓઢી પોતાના કોઢની ભય કરતાને ઢાંકવાના જેવા પ્રયત્નો કરવા જેવું છે.

નાની દીક્ષાવાળાને "પાપના ત્યાગની સમજ" બસ છે એમ શ્રી નીરગ્રંથ પ્રવચનોપાસક જણાવે છે. તેના ઉત્તરમાં જણાવવાનું કે સમજણ એટલે જ્ઞાન એ તો સૌ કોઇ કબુલ કરે તેવી વાત છે. હવે પાપની સમજણ એટલે તેનું જ્ઞાન ક્યારે હોઇ શકે, પાપ કોને કહેવું, તે શું વસ્તુ છે વગેરે સમજવા માટે આઠ કર્મોના સ્વરૂપનું જ્ઞાન હોવું જોઇએ. અઘાતી ચાર કર્મોનો અશુભ ઉદય તે પાપ અને ઘાતી ચાર કર્મના આવરણને પાપ કહેવામાં આવે છે. તેવાં કર્મોનો ઉદયબંધક્યારે થાય, કઇ સ્થિતિમાં હોય ત્યારે પાપ કહેવાય, પાપનો પ્રતિપક્ષી પુન્ય વગેરેનું જ્ઞાન તેને હોવુંજ જોઇએ. કારણ કે સુખ વિના દુઃખનું જ્ઞાન, દિવસ વિના રાત્રિનું જ્ઞાન કદિ સંભવેજ નહિ તે પ્રમાણે પાપ પુન્યનો ભોક્તા કોણ

છે, તેનો ઉદય કોને હોય વગેરે માટે જીવનનું સ્વરૂપ પણ જાણવું જોઈએ. સંવર અને કર્મની નિર્જરાથીજ મોક્ષ મળે છે તે જાણ્યા પછીજ મોક્ષ ગમનની ઇચ્છા થાય છે. મુંબઈનું સ્વરૂપ કે વર્ણન જાણ્યા વિના કોઈ પણ ત્યાં જવા આતુર બનશે નહિ અને જેની જીજ્ઞાસા થશે તે જરૂર ક્યે રસ્તે ત્યાં જવું વગેરે જાણવા પ્રયત્નો કરશેજ. તો પછી પાપનો જ્ઞાની બનવા માટે નવ તત્વનું જ્ઞાન હોવુંજ જોઈએ. તે સિવાય એકલા પાપની સમજણ કે જ્ઞાન હોઈ શકેજ નહિ. વઈન ગપ્પાંઓને અને અજ્ઞાનનેજ પાપની સમજણ કહી શકાતી હોય તો તો છોકરાંને માતાઓ બીવરાવે છે કે "બ્હાર જઈશ માં નહિ તો બાવા કાન કાપી જશે." આ અસત્ય જ્ઞાનને પાપની સમજણ કહેવાતી હોય તો તેવું જ્ઞાન તેને મુબારક હો.

આગળ ચાલતાં લેખક મહાશય લખે છે કે છ માસ પછી પંચમહાવ્રતનો આરોપ થાય છે એટલે દીક્ષાની શરૂઆત તે પછીજ મનાય. તો લેખકશ્રીને પૂછીશું કે વર્તમાન કાળમાં છ માસ પછી જે દીક્ષા મોટી અપાય છે એટલે કે પંચમહાવ્રત અપાય છે તેને તો તમો જ્ઞાનપૂર્વકની દીક્ષા કહેતાજ હશો અને છ માસમાં વર્તમાન કાળમાં કેટલું જ્ઞાન સામાન્ય મનુષ્ય પ્રાપ્ત કરી શકે છે એ તો હાલમાં સાધુઓના પરિચિતો સ્પષ્ટ રીતે જોઈ શકે છે. મોટી દીક્ષાવાળાઓ પાંચ અતિક્રમણમાં ગોથાં ખાતા હોય છે, પચ્ચખાણ પણ નથી આવડતાં હોતાં અને એમને એમજ ગોથાં ખાતાં એમનાં જીવન પૂરાં થાય છે તેવા સાધુ-સાધ્વીના પરિચયમાં આવનારે દરેક વ્યક્તિ સ્પષ્ટપણે જોઈ રહ્યાં છે. સેંકડો દાખલાઓ આપણી સમક્ષ મોજુદ છે. લેખકને જરૂર હોય તો વડી દીક્ષા પામેલા કેટલા અજ્ઞ સાધુ-સાધ્વીઓ છે તેમનાં નામ આપવા પણ આ લેખક બંધુ તૈયાર છે. આઠ વર્ષના છોકરાંને દીક્ષા આપવી અને છ માસમાં તો જ્ઞાની બનાવી સાડા આઠ વર્ષે વડી દીક્ષા આપવી અને તે દીક્ષાને "જ્ઞાનયુક્ત દીક્ષા" કહેવી તે વસ્તુ આજનો જમાનો હસી કાઢે તેવી છે. નાની દીક્ષા શા માટે છે અને વડી દીક્ષા શું કહેવાય તેનું લેખકને જ્ઞાનજ નથી લાગતું. ખરી રીતે નાની દીક્ષા તેજ દીક્ષાની શરૂઆત છે. વડી દીક્ષા તો છેદોપસ્થાપનીય ચારિત્ર છે એટલેજ ચાતિ-ચાર ચારિત્ર પહેલા અને છેલ્લા તિર્થંકરના સાધુઓને હોવાથી આખી જીંદગીના ચારિત્રમાંથી દોષ રૂપી ચારિત્ર છ માસનું ગણી તેટલા ચારિત્રનું છેદન કરવામાં આવે છે. હવે જો નાની દીક્ષાને ચારિત્ર ન કહેવાતું હોય તો "છેદ" શબ્દ લાગુ પડીજ ન શકે. છેદોપસ્થાપનીય ચારિત્ર તો જીંદગીમાં એકથી વધારે વખત પણ આપી શકાય છે. વડી દીક્ષા પછી જો કોઈ સાધુ-સાધ્વી મહાવ્રતનો ભંગ કરે તો તેને ગુરૂ કે આચાર્ય વડી દીક્ષામાંથી અમુક દીક્ષા કાપી ફરીથી પંચમહાવ્રતો ઉચ્ચરાવે છે અને તેવો સાધુ પોતાની પાછળથી વડી દીક્ષા લેનારાઓ કરતાં પણ નાનો થઈ જાય છે અને તેમને વંદનાદિ કરવા પડે છે. માટે નાની-વડી દીક્ષા તેમાંથી એ શબ્દો વાપરી ભોળાં લોકોને છેતરવાના જે મિથ્યા પ્રયત્નો થયા છે તેમાંથી બચાવવા વધારે સ્પષ્ટીકરણની જરૂર પડી છે. દીલગીરી તો એ છે કે હાલના સાધુઓને કર્ણુંકિત્તરી, ચર્ણુંકિત્તરી વગેરેનું જ્ઞાન હોતું નથી. પંચમહાવ્રત નવ કોટીએ લીધાં છે તેનું ભાન પણ નથી હોતું. આથી માત્ર ટોળું વધારવાને ખાતર અયોગ્ય દીક્ષાઓ આપી મૂર્ખ ટોળાંનો વધારો કરી ચારિત્રને બહુજ હલકી પંક્તિપર મૂકી દીધું છે. વિજયલક્ષ્મીસૂરીશ્વરજીએ જ્ઞાનપદની પૂજામાં લખ્યું છે કે—

"અલ્પાગમ જહ ઉગ્ર વિહાર કરે, વિચરે ઉદ્યમવંત,
ઉપદેશમાળામાં ક્રિયા તેહની, કાય કલેશ તસ હુંત."

અલ્પજ્ઞાની મુનિ ઉગ્ર વિહાર કરે, ઉદ્યમવંત ક્રિયા કરતા વિચરે પરંતુ ઉપદેશ માળામાં તેની ક્રિયા માત્ર કાયક્લેશ જ છે. બાકી તો વીર પરમાત્માના સમયના ચપળાપ્ત મુનિ અને ગૌતમ સ્વામી જેવાઓના દાખલા આપી પોતે કઈ સ્થિતિમાં છે તેનું ભાન ભુલી પોતાનો બચાવ કરવા શાસ્ત્રોના નામે જે ઉત્સૂત્ર ભાષણ કરી રહ્યા છે તેવા પામર જીવો પર તો જરૂર દયાજ આવે. અને હવેની જનતા તો ખુલ્લી આંખોએ સ્પષ્ટપણે જોઈ શકે છે એટલે તેમના બધા પ્રયત્નો વૃથા થઈ જશે તેમાં સંદેહજ નથી.

શાસન દેવ સૌને સન્મતિ અર્પો.

લી॰ ચરણદાસ.

"ૐ શાન્તિ"

# અયોગ્ય દિક્ષાના હિમાયતીઓને અર્પણ!

વડોદરાથી એક બંધુ લખી જણાવે છે કે—

તા. ૮-૧-૩૦ ના સાંજવર્તમાનમાં અને તા. ૧૧-૧-૩૦ ના મુંબઈ સમાચારમાં "વડોદરા રાજ્યની ધારાસભામાં જે। દીક્ષા વિરૂધ્ધ ઠરાવ" "પ્રજાકીય સભ્ય રા. રામચંદ્ર જે. અમીનનું ભાષણ"ના મથાળા નીચે જે અહેવાલ પ્રગટ કરવામાં આવ્યો છે, તે ભાષણ રા. રામચંદ્ર જે. અમીન તરફથી ધારાસભામાં વહેંચવામાં આવ્યું નથી, તેમજ ભાષણ કર્યું નથી; એમ ખાત્રીપૂર્વક તપાસ ઉપરથી માલમ પડ્યું છે. તેથી દરેક જૈન બંધુઓ અને જાહેર પ્રજાને અયોગ્ય દીક્ષાના હિમાયતિઓની ખોટી હિલચાલ અને પ્રચારકાર્યોથી સાવચેત રહી તેમના લખાણો ઉપર વિચાર કરી મત બાંધવા વિનંતી કરીએ છીએ.

—તા. ૧૮ મી ડીસેમ્બરે શેઠ રામરતનદાસ બાગડીએ બીકાનેરની ધારાસભામાં અયોગ્ય દિક્ષા અટકાવવા બીકાનેરના મહારાજાને અરજ કરતો ઠરાવ રજુ કર્યો છે.

—પાલીતાણામાં પણ બે બાળાઓને દીક્ષા આપવા પ્રયત્ન થયેલો પાલીતાણાના ઠાકોર સાહેબને અરજ કરતાં હાલ તુરત તો તે પ્રયત્ન નિષ્ફળ ગયો છે.

## ગ્રાહકોને સુચના.

ગ્રાહકોને પોતાનું લવાજમ તાકીદે મોકલી આપવા વિનંતી છે. જે ગ્રાહકોને પત્રિકા ન જોઈતી હોય તેઓ અમોને તુરતજ ના લખી નાંખશે કે જેથી સંસ્થાને નાહકના ખર્ચમાં ઉતરવું ન પડે.

## સભ્યોને સુચના.

સભ્યોને પત્રિકાનું લવાજમ મોકલી આપવા વિનંતી છે. જે સભ્યો તરફથી પત્રિકાના લવાજમનો રૂા. ૧) આવતા રવીવાર સુધીમાં વસુલ નહિ આવ્યો હોય તેઓને પત્રિકા મોકલવાનું બંધ કરવામાં આવશે.

# આગામી સંમેલન.

યુવકોનું સંમેલન એટલે જેના રૂંવાડે રૂંવાડે નવી નવી ઉર્મિઓ, ભાવનાઓ, સંકલ્પનાઓ, વિચારણાઓ અને કાર્યવાહીઓના અપૂર્વ ભાવો રમી રહ્યા હોય, અગમ્ય ઉત્સાહ તરવરી રહ્યો હોય, એવા નવલોહીઆ, આશાભર્યા યુવાનોનો મેળો. 'કંઇ લાખો નિરાશામાં અમર આશા છુપાઇ છે.' એ સદ્ગત મણીભાઇના વાક્યની જ્યાં સદૈવ ઝાંખી થતીજ હોય, 'No word like impossible' અર્થાત્ સમ્રાટ નેપોલીયનના વચનમાં જેમ 'અસંભવિત' જેવો શબ્દજ ન હતો તેમ યુવક હૃદયમાં 'અશકયતા ને દુઃશકયતા'ના ખ્યાલોનું સ્વપ્નું સરખું પણ ન હોય. આમ છતાં આ વેગને નિરર્થક જતાં અટકાવવા રૂપ 'બ્રેક' તો અવશ્ય હોવીજ જોઇએ. ધિરજની કિંમત વિષે તેને સમજાવવાપણું ન હોય. slow but steady wins the race એને તે પોતાનું ધ્યેય ગણી લ્યે. ઝાઝું કરવાના સ્વપ્ના સેવવા કરતાં થોડું પણ મુદ્દાસરનું તે જરૂર કરી દેખાડવાના 'પ્રોગ્રામ' ઘડે અને એનો અમલ કરી જનતાનું લક્ષ્ય આકર્ષે. ઠરાવોની હારમાળા કરતાં એની નક્કરતામાં જરૂર તે રાચે. આડંબરની મોહિનીમાં યુવાન નજ ફસાય. શબ્દ લાલિત્ય તેને પસંદ હોય છતાં એથી જો મુળ કરવાનું સત્વ ચુસાઇ જતું હોય ને કેવળ શોભાના પુતળાપણું પ્રાપ્ત થતું હોય તો કદિ પણ એ એની પડખે ન ચઢે.

તાજા લોહીઆનો એ મુદ્રાલેખ હોવો ઘટે કે—'બોલવું થોડું' છતાં જેટલું બોલવું તેટલું કરી બતાવવું. દેશમાં જે હિલચાલ ચાલી રહી છે, પરદેશમાં યુવકો જે કાર્ય કરી રહ્યા છે અને છેલ્લા દશકામાં મહાત્મા ગાંધીજીની ચળવળથી જે જબરૂ પરિવર્તન થઇ રહ્યું છે એ સર્વ જેની નજર સામે પૂર્ણ સ્વરૂપમાં દેખા દે છે ત્યાં જૈન યુવક લમણે હાથ દઇ, અવનત મસ્તકે નજ બેસી શકે. ભલે તેની સુષુપ્ત દશામાંથી પણ એની ચેતનતાની જ્વાળા ભભુકી ઉઠેજ; એના અંતરમાં સુધારણાના પ્રબળ મોજાં ચઢવાં માંડે કિંવા વિપ્લવના પ્રચંડ તોફાન ઉદ્ભવે, એમ થવુંજ જોઇએ. એ નિશાનીજ ચેતનતાની પ્રતિતિ સુચવે છે, જડમાં એવું લક્ષણ નજ હોય. જેમ ભૂખ્યાને ખોરાકની તમન્ના જાગે તેમ જેમના અંતર અહર્નિશ વલોવાઇ રહ્યા છે તેમને કંઇને કંઇ કાર્યરૂપ ખોરાક જોઇએ. યુવક સંમેલન એવાઓને ખોરાક પુરો પાડવાનું સાધન બની શકે, પણ એને એવો ખોરાક તૈયાર કરવો જોઇએ કે જે ન તો અજીર્ણ પેદા કરે અને ન તો ઉન્માદ પ્રગટાવે. દેવાલયોની રચના અને વ્યવસ્થાને લગતા પુજનની રીતિઓ અને વર્તમાન ચિત્રકળાની ત્રુટિઓને લગતા ઘણા પ્રશ્નો ચક્ષુ સામે ડોકિયા કરી રહ્યાં છે. દેવદ્રવ્યની વિપુળતાથી આજે ચિંતામણીજીની ભીંતોએ ચાંદી ચડે છે જ્યારે એના અભાવે મેવાડના ભૂમિમાં કેટલુંયે ઐતિહાસિક પુરાવામાં કામ આવે તેવું શિલ્પકામ શીર્ણવિશીર્ણ થઇ રહ્યું છે! પ્રભુ આજે આમવર્ગના નથી રહ્યા, ધનિકો દ્રવ્યના બળથી એમને પોતાના બનાવી રહ્યા છે. 'બોલી'ના રિવાજે નિવૃત્તિના ધામમાં પ્રવૃત્તિ વધારી મૂકી છે, સ્થિતિ એટલે સુધી આવી પહોંચી છે કે સિદ્ધશિલાપર સાથે વિરાજતાં એવા શ્રી. આદિશ્વરજી ને શ્રી. વીરપ્રભુ પાષાણની પર સાથે બેસવાના હક્ક માટે માનવીકૃત કોર્ટોમાં લડે છે આના કરતાં હસવા લાયક બીજી કઇ ચીજ હોય! આપણા જેવા ઉપાસકોનું આ કરતાં અન્ય કયા પ્રકારની મૂર્ખાઇનું પ્રદર્શન હોય! દેવદ્રવ્યને હાથ પણ ન અડકાડી શકાય એવું વદનારા આપણે દિન ઉગ્યે સાંભળીએ છીએ કે 'આપણી ધર્માદા મિલકતો ખવાતી જાય છે, એના ટ્રસ્ટના ઠેકાણા નથી, હિસાબમાં 'પોલ' તો પાર વિનાની છે. વ્યાખ્યાનકાળે મોટેથી 'જી' પોકારનાર શેઠીઆઓને ત્યાં એ મુડી ચવાઇ રહી છે એના સંરક્ષણમાં આમવર્ગનો નથી તો અવાજ કે નથી તો એવી સુંદર પ્રકારની વ્યવસ્થિત પદ્ધતિ. મુડીનો મોટો ભાગ કયાં તો સરકારની લોનોમાં, કે ભીંતચુનાની દિવાલોમાં રોકાયલો હોય છે. કેટલાકને તો એવી લગની લાગી રહી હોય છે કે ગાંઠના રોટલા ખાઇ, ટીપો કરી યેનકેન પ્રકારેણ વણિકોના ઘરમાંથી દ્રવ્ય એકઠું કરી, વર્ષો સુધી ચાલે તેવા મંદિરોને તોડી પાડી તેને સ્થાને નવેસરથી પથ્થર ઉભા કરવામાં એનો આખો મીંઢોને વ્યય કરી દે છે. ચાંલ્લો કરનારા ભૂખે ભલે મરે પણ કડીયા-સુથારના ઘરમાં તો રોજી થવીજ જોઇએ. વળી નવી કૃતિમાં આપણા અસલ શિલ્પને અભરાઇએ ચઢાવી, ચાલુ જમાનાની કઢંગી રચનાનો એવો તો સંભાર ભરવામાં આવે છે કે વિચારક ને 'આધુનિક જૈનોનું કળાવિહીન જીવન' આલેખવાની જરૂર પડે.

યુવકો, ધાર્મિક વિભાગમાં દેવાલય ને દેવદ્રવ્ય સબંધી વાત વિચારી, એ સંબંધમાં આપણે ઉચિત નિશ્ચય કરવાનો છે. એકત્રિત દેવદ્રવ્ય ઘટતે રસ્તે જીર્ણોદ્ધારમાં વપરાય ને ખવાઇ ન જાય એવી વ્યવસ્થા ઘડવાની છે. સમય જોતાં હવે એ ક્ષેત્રમાં ધનના ટેકરા ન થાય અને દ્રવ્યના અભાવે અન્ય ક્ષેત્રો સુકાઇ ન જાય એટલા સારૂં, તેમજ જ્યાં ત્યાં સાધારણ ખાતામાં પડેલા ખાડાઓ પુરવા સારૂ પણ વિચારવાનું છે. દેવભંડારને સ્થાને સાધારણ ભંડાર રાખવાની યોજના પર વિચાર કરવાનો છે. અત્યારના સાધનો અને પ્રાપ્ત થયેલ સામગ્રીનો લાભ લઇ, આખાયે હિન્દુસ્થાનમાં એકાદી મધ્યવર્તિ સંસ્થા કે સમિતિ નિયત કરવાની છે કે જેના અંકુશહેઠળ ગામેગામનું દ્રવ્ય સંરક્ષિત રહે. જૈન બેંકની સ્થાપના દ્વારા એનો લાભ જૈનોને મળે અને ચોરલોન જેવામાં રોકાઇ એ પૈસાદ્વારા જે આરંભ સમારંભના અધમ કાર્યો થાય છે એ અટકે. તેવીજ રીતે દેખરેખનું કાર્ય નિયમપુરઃસર ચાલુ થાય કે જેથી વહીવટ ચોકખો રહે અને વારે કવારે થતા ઝગડા અટકી જાય. આપણાજ સંઘના યંત્ર મારફતે વાંધા પડતી બાબતોનો તોડ લાવી શકાય એટલે પ્રભુના નામે તેમના ટ્રસ્ટીઓને કેસો લડવા ન પડે ને દ્રવ્ય બરબાદ કરવાની જંજાળમાંથી તેઓ છુટે.

(અપૂર્ણ)

લે. કુસુમ.

# 'વીરશાશન'નું જુઠાણું.

### પ્રમુખપદના શરતી સ્વીકાર સંબંધી સમાચાર બહાર પડેલ ખુલાસો.

—(૦)—

### જુન્નેર જૈન શ્વે. કોન્ફરંસ.

જુન્નેર મુકામે મળનારા અધિવેશનના પ્રમુખ મહારાજ રાવ સાહેબ શેઠ રવજી સોજપાલે અમુક શરતોએ પ્રમુખપદ સ્વીકારવા કબુલ કર્યું છે એવી જે ખબર અમુક વર્તમાનપત્રો મારફતે ફેલાવવામાં આવી છે તેમાં કંઇ સત્ય નથી.

આવી કબુલાત પ્રમુખશ્રી તરફથી માંગવામાં આવી નથી અને તે આપવામાં આવી નથી.

—શે. રવજીભાઇ સોજપાળ આ સંબંધી કાંઇ ખુલાસો કરશે કે?

# કોન્ફરન્સમા સુચવાયલા ઠરાવો.

નીચેના ઠરાવો શાહ ગીરધરલાલ કેશવજી તરફથી આગામી કોન્ફરન્સમા મોકલી આપવામાં આવ્યા છે.

### ઠરાવ (૧)

જાહેરના પૈસાથી પોષાતા ધાર્મિક વહિવટ, જેવા કે દેરાસરો, ઉપાશ્રયો, પાઠશાળા, ધર્મશાળા, વિગેરેના વહિવટમાં ઘણી ખામીઓ છે અને તે બાબત અવારનવાર છાપામાં ચર્ચાઓ આવે છે, તો તેવા ખામીભરેલા વહિવટ સુધારવા અને તેવા સ્થળના વહિવટ (હિસાબ), તપાસી ખુલાસો બહાર પાડવા અને સ્થાનીક સંઘમાંથી કમિટિ નીમી રીતસર બંધારણ ઘડી પ્રબંધ કરવા માટે આ કોન્ફરન્સ નીચેના ગ્રહસ્થોની એક કમિટિ નીમે છે.

### ઠરાવ (૨)

કોન્ફરન્સનો પોગ્રામ ગામેગામે પહોંચાડવા અને તેનો વિકાસ કરવા માટે નેશનલ મહાસભા માફક તેના પ્રાંતિક વીભાગ પાડી રીતસર બધી ગોઠવણ કરી કોન્ફરન્સના આદેશ બધે પહોંચાડી ઠરાવોનો અમલ કરવા પ્રવૃત્તિ ચાલુ રાખવા અને કોન્ફરન્સનું નામ બદલી શ્રી જૈન શ્વેતામ્બર મહાસભા રાખવા આ કોન્ફરન્સ ઠરાવે છે.

### ઠરાવ (૩)

જૈનોના ધાર્મિક સંસ્થાના નાંણા આડેઆવળે ઠેકાણે રોકાતા હોય તેવા નાણાને ધકકો પહોંચ્યો છે જેથી તેની સલામતી ખાતર આ કોન્ફરન્સ એક જૈન બેંકની સંસ્થા ઉઘાડવાનું ઠરાવે છે અને દરેક ધાર્મિક સંસ્થા અને દરેક જૈનને પોતાના નાણાની સલામતી ખાતર આ બેન્કમાં રોકવા ભલામણ કરે છે અને બેન્કનો ખરચ જતા ચોકખો નફો રહે તે જૈન કોમના ઉદ્ધાર અર્થે (હુન્નર ઉદ્યોગશાળા, કેળવણી વિગેરે) વપરાશે તેવી ખાત્રી આપે છે. બેન્કને લગતું બંધારણ નક્કી કરવા નીચેના ગ્રહસ્થોની એક કમિટિ નીમે છે ને તેનું બંધારણ એક માસમાં ઘડી રજુ કરવાને ભલામણ કરે છે.

### ઠરાવ (૪)

જૈનોના તીર્થસ્થાનો ઉપર થતા આક્રમણો જોતા આ કોન્ફરન્સ એમ ઠરાવે છે કે તીર્થસ્થાનોના કાયમી રક્ષણ કરવા ખાતર પ્રાંતવાર સભ્યોની એક કમિટિ નીમવામાં આવે છે જે તીર્થને લગતા દરેક કામ કરશે. સભ્યોના નામ એક માસની અંદર બહાર પાડવામાં આવશે.

### ઠરાવ (૫)

જૈન સાહિત્ય ઉપર થતાં આક્ષેપોનો સચોટ પ્રતીકાર કરવા અને આપણું સાહિત્યો છપાવી બહાર પાડવા અને તેનો વીકાસ કરવા આ કોન્ફરન્સ નીચેના ગ્રહસ્થોની એક કમિટિ નીમે છે.

### ઠરાવ (૬)

આપણી કોમમાં કોન્ફરન્સ અને સ્થાનીક સંઘોના પ્રચારથી બાળલગ્નની રૂઢી નાબુદ થઇ છે છતાં અપવાદરૂપે હજુ કોઇ કોઇ સ્થળે તે પ્રવૃત્તિ હોય તેમ જાણવામાં આવ્યું છે તેથી આ કોન્ફરન્સ જ્યાં જ્યાં હજુ બાળલગ્નની પ્રથા હોય તેનો વીરોધ કરે છે અને મજબુત ભલામણ કરે છે કે જ્યાં જ્યાં તેવી પ્રથા હોય તે પેહેલી તકે નાબુદ કરવી અને કન્યાની ઉમર વરસ ૧૪ અને વરની ઉમર વરસ ૧૮ ની નીચેના લગ્ન કરવા નહિ તેમ જાહેર કરે છે.

### ઠરાવ (૭)

દીક્ષા સંબંધી હાલમાં જે મતભેદ ઉભો થયો છે તે જોતા આ કોન્ફરન્સ ઠરાવે છે કે ત્યાગ માર્ગ સાચો છે, તેમાં કોઇને શક નથી પણ આ કોન્ફરન્સનું ચોકસ માનવું છે કે ચોરી છુપીથી ભગાડી, નસાડી જે દીક્ષા દેવામાં આવે છે તે અનીચ્છનીય છે અને તે રીવાજ સદંતર બંધ થવો જોઇએ અને દીક્ષા લેવાને તૈયાર થયેલ ગમે તે દીક્ષા લઇ શકે છે પણ તેને દીક્ષા લેતા પહેલા સ્થાનીક સંઘોની રજા લેવી જોઇએ અને દીક્ષા લેવાના એક માસ પહેલા બધી હકીકત જાહેર કરવી જોઇએ એવો આ કોન્ફરન્સનો અભિપ્રાય છે.

### ઠરાવ (૮)

જ્યારે જ્યારે મુની મહારાજો ઉપર છાપામાં અને બીજી રીતે થતા આક્ષેપોની તપાસ કરવા અને તેનો રીપોર્ટ કરવા માટે આ કોન્ફરન્સ તરફથી નીચેના ગ્રહસ્થોની એક કમિટિ બાર માસ માટે નીમવામાં આવે છે. જેઓ થયેલા આક્ષેપો તથા હવે પછી થતા આક્ષેપોની, તપાસ કરી રીપોર્ટ કરે તેમ ઠરાવવામાં આવે છે.

### ઠરાવ (૯)

સુકૃત ભંડાર ફંડની યોજના કોન્ફરન્સ તરફથી થયેલ છે તેમાં દરેકને પોતાનો યથાશક્તિ ફાળો આપવા આ કોન્ફરન્સ વિનંતી કરે છે અને સુકૃત ભંડાર ફંડના નાણામાંથી તરતમાંજ એક હુન્નર ઉદ્યોગશાળા મુંબઇ ઇલાકામાં ખોલવા આ કોન્ફરન્સ ઠરાવે છે અને તેનું બંધારણ ઘડી કાઢવા નીચેના ગ્રહસ્થોની એક કમિટિ નીમવામાં આવે છે તે બંધારણનો ખરડો એક મહીનામાં રજુ કરે તેમ ઠરાવે છે.

### ઠરાવ (૧૦)

વેપાર ધંધાની કફોડી હાલતને લઇ દરેક કોમમાં બેકારી દેખાય છે તેવી રીતે આપણી કોમમાં પણ બેકારી હોય તેમ અનુમાન થાય છે જેથી ગેરવાજબી ખર્ચો બંધ કરી કોમને મદદ કરવા પોતાની લક્ષ્મીનો સદુઉપયોગ કરી વેપાર અને નોકરી વગેરેમાં કોમના માણસોને જોડવા આ કોન્ફરન્સ દરેક ગ્રહસ્થને વિનંતી કરે છે.


## :: લવાજમ ::

વાર્ષિક (ટ. ખ સાથે) રૂા. ૨-૦-૦

સંઘના (સ્થાનિક) સભ્યો માટે રૂા. ૧-૦-૦

**છુટક નકલ :** મુંબઇમાં અરધો આનો.
બહારગામ પોણો આનો.

આ પત્રિકા છ. પી. ગોસલીયાએ "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, બાબા બીલ્ડીંગ, મસજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ, નાં૦ ૩ મધે છાપી, અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ મધેથી પ્રસિદ્ધ કરી છે.

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ.

## સામાન્ય સભા.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની સામાન્ય સભા તા૦ ૩૦-૪-૩૦ બુધવારે, રાત્રિના આઠ વાગે (સ્ટા. ટા.) શ્રી. માંગરોળ જૈન સભાના હોલમાં મળશે, જે વખતે નીચેના ઠરાવો રજુ કરવામાં આવશે.

(૧) અત્યારની રાજકીય લડતમાં ભાગ લેવા માટે સરકારી શિક્ષા પામવા બદલ શ્રી. મણિલાલ કોઠારી, શ્રી. અમૃતલાલ દલપતભાઈ શેઠ, શ્રી. રમણીકલાલ સારાભાઈ મોદી તથા શ્રી. ચંપકલાલ નાથાલાલ વગેરેનું આ સભા અન્તઃકરણપૂર્વક અભિનન્દન કરે છે અને તેમના પગલે ચાલી આ લડતમાં બને તેટલું બલિદાન આપવા જૈન બન્ધુઓને આગ્રહ કરે છે.

(૨) અત્યારની રાજકીય હીલચાલને દબાવી દેવા માટે સરકાર દેશનેતાઓ તથા સ્વયંસેવકો ઉપર જે અત્યાચારો કરી રહી છે તે સામે આ સભા પોતાનો સખ્ત વિરોધ જાહેર કરે છે.

(૩) આ જૈન યુવક સંઘની સામાન્ય સભા રાષ્ટ્રીય મહાસભાના રાજકીય ધ્યેયને સ્વીકારે છે અને સંઘના દરેક સભ્યને સ્વદેશી વસ્ત્રો અને બને ત્યાં સુધી શુદ્ધ ખાદી પહેરવાનો આગ્રહ કરે છે.

(૪) આ સભા જુન્નેર કોન્ફરન્સનો સુકૃત ભંડાર ફંડનો ઠરાવ સ્વીકારે છે અને દરેક સભ્યને સુકૃત ભંડાર ફંડનું લવાજમ જૈન કોન્ફરન્સમાં ભરવા ખાસ સૂચના કરે છે.

આ સભામાં કૃપા કરી વખતસર હાજર થવા દરેક સભ્યને વિનંતિ કરવામાં આવે છે.

(૫) મંત્રીઓ રજુ કરે તે.

લી૦,

ઓધવજી ધનજી શાહ,
જમનાદાસ અમરચંદ ગાંધી,
રતીલાલ ચીમનલાલ કોઠારી,
મંત્રીઓ શ્રી મું. જૈન યુવક સંઘ

સ્વદેશ પ્રિન્ટીંગ પ્રેસ, મુંબઈ, ૩.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. | સંવત ૧૯૮૬ ના પોષ વદી ૧૩. તા૦ ૨૭-૧-૩૦ | અંક ૫ મો.

## "સાંજવર્તમાન"માં પ્રગટ થયેલ રા. ક્રાંતિની લેખમાળા સંબંધી નિવેદન.

—:∗:—

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રય તળે એક લેખમાળા ગયા ૭ સાત મહીના થયાં સાંજવર્તમાનમાં પ્રગટ કરવામાં આવતી હતી. તેના કુલ ૨૬ મણકા છે અને દરેક મણકો સામાન્ય રીતે દર સોમવારના અંકમાં પ્રસિદ્ધ થતો હતો; આ લેખમાળા હવે પુરી થઈ છે અને તેને પુસ્તકાકારે પ્રગટ કરવા માટે ઘટતી તૈયારીઓ થઇ રહી છે.

જૈન સમાજમાં પુર જોસથી પ્રસરી રહેલી યુવક હીલચાલને વધારે પુષ્ટ બનાવવાના હેતુથી, વર્તમાન સમયની જૈન સમાજની જરૂરીઆતો ધ્યાનમાં રાખીને, સમાજમાં સળગી રહેલા મહાન પ્રશ્નોની તેમાં ચર્ચા કરવામાં આવી છે અને તેમાં દર્શાવેલા વિચારો પર છુટથી ઊહાપોહ કરી, તે સર્વ પ્રશ્નોનો જલદી નીકાલ કરવા સમાજ નેતાઓને અને ખાસ કરીને યુવકોને તેમાં આવ્હાહન કરવામાં આવ્યું છે.

આવી જાતની ચર્ચાઓમાં વિચાર ભેદ અને મત ભેદને જરૂર સ્થાન છે. **મજકુર લેખમાળામાં જણાવેલા સર્વ વિચારો અને સર્વ દલીલો સાથે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અક્ષરશઃ સહમત છે એમ કોઇએ માની લેવાની જરૂર નથી.** અલબત, આ યુવક સંઘ વિચાર સ્વાતંત્ર્યમાં માનતો હોઇને, સમાજ શાસ્ત્રના નિયમોને અનુસરીને નીડરતાથી સચોટ દલીલો સાથે લખાયેલી આવી લેખમાળાને જરૂર ઉત્તેજન આપે છે અને ભવિષ્યમાં આપતો રહેશે. **આવી લેખમાળાનો ઉદ્દેશ યુવકસંઘના મંતવ્યો દર્શાવવા કરતાં, સમાજના કુટ પ્રશ્નો ઉપર બુદ્ધિગમ્ય નવીન વિચારોનો પ્રકાશ ફેંકવાનો છે.**

આશા છે કે આ લેખમાળા જ્યારે પુસ્તકાકારે પ્રગટ થાય ત્યારે તેનો અભ્યાસ કરવા દરેક જૈન યુવક તૈયાર રહે અને તે સંબંધમાં પોતાના વિચારો અને નિર્ણયો સમાજ આગળ મુકી સમાજને યોગ્ય રીતે દોરે. લી.

**નગીનદાસ જગજીવનદાસ શાહ.**
**ઓધવજી ધનજી શાહ.**
**જમનાદાસ અમરચંદ ગાંધી.**
**વાડીલાલ આશાલાલ શાહ.**
— મંત્રીઓ :
શ્રી જૈન યુવક સંઘ.

## કોન્ફરન્સ માટે સોસાયટીની ખટપટ.

નીચેના પત્ર ઉપરથી પડતો પ્રકાશ.

———(∘)———

"તમારો બીજો પત્ર નથી. ઘડીયાળી અત્રે બધું સાહિત્ય આપવા માટે તૈયાર છે અને લગભગ એક આખો અંક ભરી શકાય તેથી વધુ સાહિત્ય તથા અનેક કાગળો પુરૂ પાડવા તૈયાર છે પણ તમારો તેમના ઉપર ડાયરેકટ પત્ર માગે છે તો તેને માટે ઘટતું કરશો. તાર કે પત્ર જે ઠીક લાગે તે તેમના ઉપર ડાયરેકટ લખશો એટલે તે સંબંધમાં ઘટતું જરૂર થશે.

પ્રમુખને પુંજાભાઈ સાથે મેળવી શકાય તેમ નથી. દૈનીક પત્રના પ્રતિનિધિ સાથે વાતચીતનો પ્રસંગ તેમની સાથે યોજી શકાય. ઉપયોગી હોય તો પ્રગટ કરજો, આને માટે પણ ઘડીયાળીને લખશો.

આવતી કાલે રાતે સોસાયટીની મીટીંગ છે. પ્રતિનિધિઓની ચુંટણી માટે ઉત્સાહ છે. કેશરીચંદ આવી ગયા છે. નગીનદાસ શેઠ કાલે આવવા વકી છે. બાબાલાલ પણ કાલે આવશે. પ્રતિનિધિ તો ચુંટાશે પણ મુળ વસ્તુ માટે બાબાલાલ હજી કાલે આવશે ત્યારે બધું જાણશે. કારણું બધી વાંધો તેમાં આવી પડે છે.

રૂ. ૮૬૦૦૦) સબંધીની રકમ અત્યાર સુધી કોન્ફરન્સે વસુલ કેમ કરી નહીં અને તે સંબંધમાં કોન્ફ. ઓફીસનો માસિક સેંકડો રૂપીઆનો ખરચો છતાં કોની ભુલથી તે રકમ વસુલ થઇ નથી તે સંબંધમાં તપાસ કરવાને આ કોન્ફરન્સે એક કમીશન નીમવું, આવો ઠરાવ સુરતની સોસાયટી તરફથી તરત મોકલી આપશો."

---

## યુવકોની પ્રાથમિક સભા.

યુવકોની પ્રાથમિક સભા જે તા. ૬-૭ ફેબ્રુઆરી માહ સુદ ૮-૯ ગુરૂ-શુક્રવારે મુંબઈ ખાતે ભરવાનું નક્કી કર્યું છે તેના આમંત્રણો અપાઇ ગયા છે; તેમાંથી ઘણાખરાનો સ્વીકાર આવી ગયો છે. પ્રતિનિધિઓના નામો જેઓએ હજુ સુધી ન મોકલ્યા હોય તેઓને તુરત મોકલી આપવા વિનંતી છે. ઉતારા માટે જે ભાઇઓને સગવડતા ન હોય તેઓ અમોને તુરત જણાવશે કે જેથી યોગ્ય સગવડતા કરી શકાય.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥
શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

# જુન્નેર અધિવેશનની કાર્ય દિશા.

## સંઘનું બંધારણ.

સમગ્ર સૃષ્ટિમાં બંધારણ વગરનું કોઈ પણ કાર્ય કાયદેસર ગણાતું નથી. વ્યવહારની અંદર બંધારણ જરૂરી વસ્તુ છે, આજે આપણા સંઘના બંધારણો શિથિલ થઈ ગયાં છે; તેનાં ઉપર ઓપ ચઢી ગયેલ છે, તે ઓપને દૂર કરવાની એટલે કે નવેસરથી સમયને ઓળખી બંધારણ ઘડવાની આજના સમાજ ઉપર ફરજ આવી પડે છે. બંધારણ વગર કોઈ પણ સંસ્થા, સમાજ, સંઘ, સોસાઈટી, મંડળ કે એસોસીએશનો પોતાની ઉન્નતિ સાધી શકયા નથી. આપણે દુનીઆની દરેક ઉન્નત પ્રજા તરફ દ્રષ્ટિપાત કરીશું તો આપણને જણાશે કે તેઓ બંધારણપૂર્વકજ ઉન્નતિ સાધી શકયા છે. પાશ્ચાત્ય દેશો બંધારણનું મહત્વ બહુ સારી રીતે સમજી શકે છે, અને તેમનાં સમયને અનુસરીને ઘડાએલાં બંધારણપૂર્વક આજે તેઓ ઘણેખરે સ્થળે સાર્વભૌમત્વ ધરાવે છે. હિંદ જે પરાધીનતા ધરાવે છે તેમાં મૂળ કારણ બંધારણનો અભાવજ છે, કારણ કે હિંદમાં એવું કોઈ પણ જાતનું સર્વમાન્ય રાષ્ટ્રીય બંધારણ અસ્તિત્વ ધરાવતું નથી. હિંદુઓ જે બંધારણ ઘડે છે તે મુસલમાનો માન્ય કરતા નથી, અને મુસલમાનો જે ઘડે તે હિંદુઓ માન્ય કરતા નથી. અરે, હિંદુઓનું ઘડેલ બંધારણ પણ હિંદુઓ માનતા નથી. પાશ્ચાત્ય દેશોમાં તેવું નથી. હિંદને પરાધીનતાની જંજીરમાં જકડી રાખનાર બ્રીટનમાં આપણે ડોકીયું કરીશું તો આપણને જણાશે કે ત્યાંનું બંધારણ લગભગ સર્વમાન્ય છે. ત્યાંની પાર્લામેંટમાં જે ઠરાવ થાય, જે બંધારણો ઘડાય તે, બધાને બંધનકર્તા ગણાય છે અને પાર્લામેંટના કાનુન અનુસારેજ ત્યાંની પ્રજા વર્તે છે, પછી ગમે તે પક્ષ સત્તા ઉપર હોય પરંતુ તેને પાર્લામેંટની નીતિ અનુસારેજ ચાલવાની ફરજ પડે છે. સત્તા ઉપર રહેલા પક્ષને જો કોઈ પણ જાતનું નવીન કાર્ય કરવું હોય તો તેઓ તે બાબતમાં પાર્લામેંટની સંમતિ લે છે, ત્યાર પછીજ તે આગળ પગલું ભરે છે; આમ બંધારણનું મહત્વ સર્વોપરિ હોય છે. આ બાબત જૈન સમાજ જેવી વ્યાપારી કોમ ન સમજે એમ બનેજ કેમ? તેને પણ સમયને ઓળખી પોતાનું બંધારણ ઘડવાની જરૂર છે. આજથી લગભગ ૨૫૦ વરસ પહેલાં આપણું કાર્ય બંધારણપૂર્વકનું હતું; દરેક બાબત સર્વ સંમતિથીજ બનતી હતી. સમાજ ઉપર એકજ આચાર્ય સર્વોપરિ રહેતા અને તેઓશ્રી તેમજ સંઘ અરસપરસ એક બીજાની સંમતિ લઈનેજ કામકાજ કરતા, તે સંબંધી જગદ્ગુરૂશ્રી હિરસૂરિજી મહારાજનો કાર્ય પ્રદેશ આપણને માર્ગદર્શક થઈ પડે છે. હિરસૂરિજી મહારાજને સમ્રાટ અકબર કે જે તે સમયનો હિંદનો મહાન મોગલ સમ્રાટ હતો તેમણે પોતાની રાજધાનીમાં પધારવાનું આમંત્રણ આપ્યું. આમંત્રણ વખતે સૂરિજીમહારાજ ગંધારમાં બિરાજતા હતા. સૂરિજીમહારાજે સંઘને આ બાબતની જાણ કરી; સંઘે સમ્રાટના આમંત્રણ બાબતમાં ખુબ વિચાર ચલાવ્યો અને સર્વાનુમતે એવો ઠરાવ કર્યો કે સૂરિજીમહારાજે આમંત્રણનો સ્વીકાર ન કરવો; આ બાબત સૂરિજીમહારાજને જણાવવામાં આવી, જવાબમાં સૂરિજી મહારાજે જણાવ્યું કે સંઘનો ઠરાવ હું માથે ચઢાવું છું. છતાં મને ત્યાં જવામાં લાભ જણાય છે, વગેરે દલીલ પુરઃસર સંઘને સમજાવ્યું. સંઘે પોતાનો નિશ્ચય ફેરવ્યો અને સૂરિજીમહારાજને સંમતિ આપી. તેઓશ્રીએ સંઘના બંધારણને પુરેપુરૂં માન્ય કર્યું હતું, જ્યારે આજે તો "સંઘ કોણ છે? એવા સંઘને તો હું ઠોકરે ઉડાવું છું" વગેરે બોલી સંઘના બંધારણને ઉથલાવવામાં પણ પોતાની જોહુકમી ચલાવે છે. જો કે આવા ગુન્હેગારો સામે સંઘ પોતાનું શસ્ત્ર ઉગામે છે છતાં એ શસ્ત્રની અત્યારે મહત્વતા ઘટી ગઈ છે કારણકે બંધારણજ ગેબ થઈ ગયાં છે. આજે તો ઘરઘરના આગેવાનો, ઘરઘરના શેઠીઆઓ, ઘરઘરના આચાર્યો વગેરે મનસ્વી પણે પોતાની સત્તા જમાવવા માટે પ્રયત્ન કરતા નજરે પડે છે. જો કે આવી જોહુકમી સામે યુવાનોએ કમરકસી છે છતાં એ સવાલ આખા સમાજે પોતાનો કરી લેવાની અગત્ય છે, અને આમ કરી પોતે બોલે તેજ શાસ્ત્ર, પોતાનું માને તેજ સંઘ, અને પોતે પાળે તેજ ચારિત્ર એમ માનતા અને મનાવતા બદંભદોને પડકાર કરવો જોઈએ કે હવે તમારી એ જોહુકમી નહિ ચાલે, તમારે પણ સંઘના બંધારણને માન્ય કરવુંજ પડશે. સમાજમાં આજકાલ જે અંધેર જણાય છે, તેનું કારણ સર્વમાન્ય બંધારણનો અભાવ છે એમ અમે પ્રમાણિકપણે માનીએ છીએ, અને તેથીજ અનેક મતભેદના પ્રશ્નો ઉપસ્થિત થઈ સમાજને છિન્નભિન્ન કરી રહ્યા છે. કોન્ફરન્સના આગામી અધિવેશનમાં સમાજના આજના બન્ને પક્ષો પોતાનું સંગીન બળ એકત્રિત કરી ભાગ લેવાના છે એમ આમવર્ગમાં સંભળાય છે. જો આ બાબત સત્ય હોય તો ઘણુંજ ખુશી થવા જેવું છે, જો તેઓ સમાજ અને શાસનની દાઝથીજ ભાગ લેવા માંગતા હોય તો. પરંતુ જો કેવળ નાકને માટેજ પોતાની હઠ ચલાવવા માંગશે તો તે અત્યંત નુકશાનકારક નિવડશે તેમાં જરાએ શક નથી. કોન્ફરન્સે સંઘનું બંધારણ ઘડવાની જરૂર છે, અને તે બંધારણ સર્વમાન્ય હોવું જોઈએ. તે માટે અમે નીચેના ખરડા તરફ સમાજનું લક્ષ્ય ખેંચીએ છીએ.

(૧) જ્યાં જ્યાં આપણા મૂર્તિપૂજક શ્વેતામ્બર સમાજના ઘર હોય ત્યાં ત્યાં ચુંટણીના ધોરણ ઉપર એક સ્થાનિક કમિટી સ્થાપવી, તેમાં આઠથી વધારે સભ્યો ન હોવા જોઈએ. તે પોતાનો સ્થાનિક વહિવટ ચલાવે, તેનો કાર્યપ્રદેશ તેના ગામબહાર ન હોવો જોઈએ.

(૨) એક પ્રાંતિક સમિતિ હોવી જોઈએ કે જેમાં તે પ્રાંતમાંથી ચુંટાએલા આઠ સભ્યો હશે. આ સભ્યો પોતામાંથીજ એક પ્રમુખ ચુંટી કાઢે, અને તે સમિતિને આખા પ્રાન્તને લગતા સવાલોનો નિર્ણય કરવાની સત્તા રહે. સમિતિ કે સ્થાનિક કમિટિમાં બહુમતે પસાર થયેલ ઠરાવો બધાને બંધનકર્તા ગણાવા જોઈએ.

(૩) એક મહાસમિતિ સ્થાપવી જોઈએ કે જેમાં દરેક પ્રાન્તનાં બબ્બે સભ્યો લેવા, તે સભ્યો ચુંટાએલા હોવા જોઈએ, તે ચુંટવાનો અધિકાર દરેક ગામની સ્થાનિક કમિટીઓને રહેવો જોઈએ. તે ચુંટાએલા સભ્યોમાંથી પ્રમુખની ચુંટણી મહાસમિતિજ કરી લે. આ સમિતિનું કાર્ય સમગ્ર હિન્દનાં જૈન સંઘને લગતું હોવું જોઈએ અને તેમાં બહુમતિથી પસાર થયેલ ઠરાવો સમગ્ર ભારતનાં મૂર્તિપૂજક જૈન સંઘને બંધનકર્તા ગણાવા જોઈએ. આ ચુંટણી ત્રણ ત્રણ વર્ષે થવી જોઈએ. આવી રીતનું જો બંધારણ ઘડાય તો પક્ષભેદને સ્થાન નહિ રહે અને આપણે ઉન્નતિમાં આગળ વધી શકીશું.

# નીરગ્રંથ પ્રવચનોપાસકને જવાબ.

"મુંબઇ સમાચાર" પેપરમાં ઘણા સમય થયાં નીરગ્રંથ પ્રવચનોપાસક દીક્ષાની બીક લઇ નાની ઉમરનાં મનુષ્યોને પણ દીક્ષા આપવી એમાં શાસ્ત્ર સંમત છે એવા લખાણમાં નાની-વડી દીક્ષાના ભેદ પાડી જુદા જુદા શાસ્ત્રોનાં નામો લખી "ક્ષયોપશમ" શબ્દ વાપરી આંગળો વાટી મહેલ છે, તો તેથી જનતા આવા દાંભિક લખાણોથી ન છેતરાય તેને માટે સ્પષ્ટ શબ્દોમાં ટુંકામાં તેનો ઉત્તર લખવાની ફરજ પડે છે.

નાની દીક્ષામાં જ્ઞાનની જરૂર નથી. ફકત પાપ-પુન્ય સમજવાનીજ જરૂર છે અને નાની દીક્ષાને અને જ્ઞાનને કંઇ સંબંધ નથી કેમકે દીક્ષા એ ચારિત્ર મોહનીય કર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થાય છે અને જ્ઞાન તો જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી થાય છે; તેમ ભેદ પાડી મુગ્ધોને દીક્ષા આપવામાં વાંધો નથી તેમ દીક્ષાની લાગેલી તાલાવેલીવાળાઓનો બચાવ નીરગ્રંથ પ્રવચનોપાસક કરે છે. તેના ઉત્તરમાં માત્ર નીચેની વાતોનેજ જનતાએ વિચાર કરવો ઘટે.

પ્રથમ વાત એ છે કે લેખક ચારિત્રમોહનીયના ક્ષયોપશમને પ્રધાન પદ આપે છે ત્યારે તેણે સમજવું જોઇએ કે સમ્યક્ત્વ વિના ચારિત્ર કદી હોઇ શકેજ નહિ; તો સમ્યક્ત્વ મોહનીય કર્મનો ક્ષયોપશમ પહેલાં થવો જોઇએ અને તે પછી અનંતાનુબંધિ ક્રોધ, માન, માયા, લોભનો નાશ થવો જોઇએ તો જે અયોગ્ય દીક્ષા માટે તૈયાર થાય છે ને પોપટની માફક "મને સંસાર ગમતો નથી, સંસારથી હું વિમુખ છું, સંસાર અસાર છે માટે દીક્ષા લેવી છે" તેવા ખાનગી શિક્ષણથી મળેલા શબ્દો બોલી જાય તેથી તેને ચારિત્ર મોહનીયનો ક્ષયોપશમ થયો છે તેમ માની લેવું એજ પ્રથમ શાસ્ત્ર વિરૂધ્ધ છે. કેમકે સમ્યક્ત્વ મોહનીયનો ક્ષયોપશમ જાણવા માટે છદ્મસ્થજ્ઞાન બીલકુલ ઉપયોગી નથી. એ તો કેવળજ્ઞાની હોય તેજ જાણી શકે અને તેથીજ સૂત્રોમાં ઘણા સ્થળોએ ગૌતમ સ્વામી જેવા ચાર જ્ઞાનના ધણીએ પ્રભુને પ્રશ્ન કરેલ છે કે અમુક જીવ સમકીત ધારી છે કે મિથ્યાદ્રષ્ટિ છે. તે સમકીતી અને મિથ્યાદ્રષ્ટિનું પૃથક્કરણ જ્યારે ગૌતમ સ્વામી જેવા નથી કરી શકયા તો પછી હાલના દીક્ષાના હીમાયતીઓ ગૌતમ સ્વામી કરતાં કયા અપૂર્વ જ્ઞાનથી સમજી શકે છે કે બાલ દીક્ષીતને સમ્યક્ત્વ પ્રાપ્ત થયું છે. "સમ્યક્ત્વ વિણ ચારિત્ર નહિ" એ વાત તો સ્પષ્ટ છે. વળી નાનીદીક્ષા જે વખતે અપાય છે તે વખતે "સમ્યક્ત્વ સામાયિક, શ્રુતસામાયિક, અને સર્વ વિરતિ સામાયિક" એ પાઠ ઉચ્ચારવામાં આવે છે. સમ્યક્ત્વ ક્ષયોપશમ વિના સમ્યક્ત્વ સામાયિક નજ હોઇ શકે, અને જ્ઞાનાવરણીયના ક્ષયોપશમ વિના શ્રુતસામાયિક ન હોઇ શકે તો સમ્યક્ત્વ ક્ષયોપશમ વિના અને શ્રુતજ્ઞાનના ક્ષયોપશમ વિના એકલા ચારિત્રમોહનીયના ક્ષયોપશમને આગળ ધરે તે ભોળા લોકોને છેતરવાની રમત રમી આંખે પાટાબાંધવાની જાદુઇ બાજી લેખદ્વારા રમવામાં આવે છે; તે હવે આ જમાનામાં ચાલી શકે તેમ નથી. આ બુદ્ધિવાદનો જમાનો છે અને નીરગ્રંથ પ્રવચનોપાસકે સમજવું જોઇએ કે અંધશ્રદ્ધાનો જમાનો હવે ગયો છે.

નાનીદીક્ષામાં જ્ઞાનની જરૂર નથી એ વાત ઉપરની હકીકતથી ખોટી ઠરે છે. દર્શન અને જ્ઞાન પ્રથમ આવશ્યક છે અને પછીજ ચારિત્ર સંભવે એ વાત પણ ઉપરની હકીકતથી સિદ્ધ થાય છે. કેમકે સમ્યક્ત્વ સામાયિક તથા શ્રુતસામાયિક એ બે બોલ્યા પછીજ સર્વ વિરતિ સામાયિકનો આલાવ બોલાય છે, તેથી **सम्यक् दर्शन ज्ञान चारित्राणि मोक्ष मार्गः।** એ તત્વાર્થના પહેલા સૂત્રમાં જે કહેલ છે તે વાત સિદ્ધ થાય છે, એટલે "સમ્યક્" શબ્દ સમકીત વિના વપરાય નહિ. સમ્યક્ત્વ હોય તોજ સમ્યક્ જ્ઞાન અને ચારિત્ર હોઇ શકે. વળી લખે છે કે એતો છ કાયના જીવની દયા પળે કે ન પળે પણ સામાયિક ચારિત્ર આપી શકાય; આથી તો મૂર્ખાઇની હદ ઓળંગી જવાય છે. પાપનું જ્ઞાન હોવું જોઇએ તેમ લખી અને તેનું જ્ઞાન ન હોય તો ચાલે આ વધતો વ્યાઘાત એક સામાન્યમાં સામાન્ય મનુષ્ય પણ સમજી શકે તેમ છે. **पढमं नाणं तओ दया!** પ્રથમ જ્ઞાન અને પછી દયા. પાપનું જ્ઞાન પ્રથમ હોવુંજ જોઇએ અને તોજ તે પાપથી બચી શકે. સંસારની અસારતા સમજવી અને મોક્ષની ઇચ્છાથી સંસાર ત્યાગ કરવો એમાં શું ઓછા જ્ઞાનની જરૂર છે? સંસારની, અનિત્યતા, આત્મસ્વરૂપનું જ્ઞાન, મોક્ષસ્વરૂપનું જ્ઞાન અને તેની કિંમત એ બધું જ્ઞાન વિના સંભવે ખરૂં? અને જ્યાંસુધી કોઇપણ વ્યક્તિને કોઇપણ વસ્તુનું જ્ઞાન હોતું નથી ત્યાંસુધી તે વ્યક્તિ તે વસ્તુનો સ્વિકાર કે ત્યાગ કદી નજ કરી શકે. નાનું બાળક સર્પના જ્ઞાનના અભાવથી સર્પને પકડવા રહે છે. ખાવાની ચીજનું જ્ઞાન હોવાથી તે મેળવવા આતુર બને છે, માટે જ્ઞાન વિના ત્યાગ કે સ્વિકાર કદિ બની શકેજ નહિ. **प्रयोजनम् विना मंदोऽपि न प्रवर्तते।** પ્રયોજન નક્કી કર્યા વિના મૂર્ખ મનુષ્ય પણ પ્રવૃતિ કરતો નથી– તો પછી જે ડાહ્યો થઇ પાપનો ત્યાગ કરવા, તેને સમજ્યા પછી તૈયાર થાય છે અને માતા, પિતા, ભગિની, સ્ત્રી વગેરેનો મોહ તજવા કટીબદ્ધ થઇ મોક્ષ માટે દીક્ષા લેવી તેમ સમજે છે તે શું જ્ઞાન વિના હોઇ શકે? કેટલું વિશેષ જ્ઞાન તે માટે તો જોઇએ. વાંચકો પોતેજ સમજી શકશે કે અનેક વાતો વાંચી કે સાંભળી હોય છતાં મોહ મુકાતો નથી અને ફકત આઠજ વર્ષનો બાળક નિર્મોહી બની સંસાર ત્યાગ માટે તૈયાર થાય તે વાત માની, મનાવી મુંડી નાખવો અને તેમાં શાસ્ત્રો સંમત છે તેમ કહી શ્વેત વસ્ત્ર ઓઢી પોતાના કોદની ભયંકરતાને ઢાંકવાના વૃથા પ્રયત્નો કરવા જેવું છે.

નાની દીક્ષાવાળાને "પાપના ત્યાગની સમજ" બસ છે એમ શ્રી નીરગ્રંથ પ્રવચનોપાસક જણાવે છે. તેના ઉત્તરમાં જણાવવાનું કે સમજણ એટલે જ્ઞાન એ તો સૌ કોઇ કબુલ કરે તેવી વાત છે. હવે પાપની સમજણ એટલે તેનું જ્ઞાન ક્યારે હોઇ શકે, પાપ કોને કહેવું, તે શું વસ્તુ છે વગેરે સમજવા માટે આઠ કર્મોના સ્વરૂપનું જ્ઞાન હોવું જોઇએ. અઘાતી ચાર કર્મોનો અશુભ ઉદય તે પાપ અને ઘાતી ચારે કર્મોના આવરણને પાપ કહેવામાં આવે છે. તેવાં કર્મોનો ઉદય ક્યારે થાય, કઇ સ્થિતિમાં હોય ત્યારે પાપ કહેવાય, પાપનો પ્રતિપક્ષી પુન્ય વગેરેનું જ્ઞાન તેને હોવુંજ જોઇએ. કારણ કે સુખ વિના દુઃખનું જ્ઞાન, દિવસ વિના રાત્રિનું જ્ઞાન કદિ સંભવેજ નહિ તે પ્રમાણે પાપ પુન્યનો ભેદકતા કોણ

છે, તેનો ઉદય કોને હોય વગેરે માટે જીવનનું સ્વરૂપ પણ જાણવું જોઇએ. સંવર અને કર્મની નિર્જરાથીજ મોક્ષ મળે છે તે જાણ્યા પછીજ મોક્ષ ગમનની ઇચ્છા થાય છે. મુંબઇનું સ્વરૂપ કે વર્ણન જાણ્યા વિના કોઇ પણ ત્યાં જવા આતુર બનશે નહિ અને જેની જીજ્ઞાસા થશે તે જરૂર કયે રસ્તે ત્યાં જવું વગેરે જાણવા પ્રયત્નો કરશેજ. તો પછી પાપનો જ્ઞાની બનવા માટે નવ તત્વનું જ્ઞાન હોવુંજ જોઇએ. તે સિવાય એકલા પાપની સમજણ કે જ્ઞાન હોઇ શકેજ નહિ. તદ્દન મુગ્ધાદિને અને અજ્ઞાનનેજ પાપની સમજણ કહી શકાતી હોય તો તો છોકરાંને માતાઓ બીવરાવે છે કે "બહાર જઇશ માં નહિ તો બાવા કાન કાપી જશે." આ અસત્ય જ્ઞાનને પાપની સમજણ કહેવાતી હોય તો તેવું જ્ઞાન તેને મુબારક હો.

આગળ ચાલતાં લેખક મહાશય લખે છે કે છ માસ પછી પંચમહાવ્રતનો આરો તરે છે એટલે દીક્ષાની શરૂઆત તે પછીજ ગણાય. તો લેખકશ્રીને પૂછીશું કે વર્તમાન કાળમાં છ માસ પછી જે દીક્ષા મોટી અપાય છે એટલે કે પંચમહાવ્રત અપાય છે તેને તો તમો જ્ઞાનપૂર્વકની દીક્ષા કહેતાજ હશો. બાકી છ માસમાં વર્તમાન કાળમાં કેટલું જ્ઞાન સામાન્ય મનુષ્ય પ્રાપ્ત કરી શકે છે એ તો હાલમાં સાધુઓના પરિચિતો સ્પષ્ટ રીતે જોઇ શકે છે. મોટી દીક્ષાવાળાઓ પાંચ પ્રતિક્રમણમાં ગોથાં ખાતા હોય છે, પચ્ચખાણ પણ નથી આવડતાં હોતાં અને એમને એમજ ગોથા ખાતાં એમનાં જીવન પૂરાં થાય છે તેવા સાધુ-સાધ્વીના પરિચયમાં આવનાર દરેક વ્યક્તિ સ્પષ્ટપણે જોઇ રહ્યા છે. સેંકડો દાખલાઓ આપણી સમક્ષ મોજુદ છે. લેખકને જરૂર હોય તો વડી દીક્ષા પામેલા કેટલા આવા સાધુ-સાધ્વીઓ છે તેમનાં નામ આપવા પણ આ લેખક બંધુ તૈયાર છે. આઠ વર્ષના છોકરાંને દીક્ષા આપવી અને છ માસમાં તો જ્ઞાની બનાવી સાડા આઠ વર્ષે વડી દીક્ષા આપવી અને તે દીક્ષાને "જ્ઞાનયુક્ત દીક્ષા" કહેવી તે વસ્તુ આજનો જમાનો હસી કાઢે તેવી છે. નાની દીક્ષા શા માટે છે અને વડી દીક્ષા શું કહેવાય તેનું લેખકને જ્ઞાનજ નથી લાગતું. ખરી રીતે નાની દીક્ષા તેજ દીક્ષાની શરૂઆત છે. વડી દીક્ષા તો છેદોપસ્થાપનીય ચારિત્ર છે એટલેજ સાતિચાર ચારિત્ર પહેલા અને છેલ્લા તિર્થંકરના સાધુઓને હોવાથી આખી જીંદગીના ચારિત્રમાંથી દોષ રૂપી ચારિત્ર છ માસનું ગણી તેટલા ચારિત્રનું છેદન કરવામાં આવે છે. હવે જો નાની દીક્ષાને ચારિત્ર ન કહેવાતું હોય તો "છેદ" શબ્દ લાગુ પડીજ ન શકે. છેદોપસ્થાપનીય ચારિત્ર તો જીંદગીમાં એકથી વધારે વખત પણ આપી શકાય છે. વડી દીક્ષા પછી જો કોઇ સાધુ-સાધ્વી મહાવ્રતનો ભંગ કરે તો તેને ગુરૂ કે આચાર્ય વડી દીક્ષામાંથી અમુક દીક્ષા કાપી ફરીથી પંચમહાવ્રતો ઉચ્ચરાવે છે અને તેવો સાધુ પોતાની પાછળથી વડી દીક્ષા લેનારાઓ કરતાં પણ નાનો થઇ જાય છે અને તેમને વંદનાદિ કરવા પડે છે. માટે નાની-વડી દીક્ષા તેમાંથી એ શબ્દો વાપરી ભોળાં લોકોને છેતરવાના જે મિથ્યા પ્રયત્નો થયા છે તેમાંથી બચાવવા વધારે સ્પષ્ટીકરણની જરૂર પડી છે. દીલગીરી તો એ છે કે હાલના સાધુઓને કર્ણસિત્તરી, ચર્ણસિત્તરી વગેરેનું જ્ઞાન હોતું નથી. પંચમહાવ્રત નવ કોટીએ લીધાં છે તેનું ભાન પણ નથી હોતું. આથી માત્ર ટોળું વધારવાને ખાતર અયોગ્ય દીક્ષાઓ આપી મૂર્ખ ટોળાંનો વધારો કરી ચારિત્રને બહુજ હલકી પંક્તિપર મુકી દીધું છે. વિજયલક્ષ્મીસૂરીશ્વરજીએ જ્ઞાનપદની પૂજામાં લખ્યું છે કે—

"અલ્પાગમ જેહ ઉગ્ર વિહાર કરે, વિચરે ઉદ્યમવંત,
ઉપદેશમાળામાં ક્રિયા તેહની, કાય કલેશ તસ હુંત."

અલ્પજ્ઞાની મતિ ઉગ્ર વિહાર કરે, ઉદ્યમવંત ક્રિયા કરતા વિચરે પરંતુ ઉપદેશ માળામાં તેની ક્રિયા માત્ર કાયક્લેશ જ છે. બાકી તો વીર પરમાત્માના સમયના ચપળતા મુનિ અને ગૌતમ સ્વામી જેવાઓના દાખલા આપી પોતે કઇ સ્થિતિમાં છે તેનું ભાન ભુલી પોતાનો બચાવ કરવા શાસ્ત્રોના નામે જે ઉત્સૂત્ર ભાષણ કરી રહ્યા છે તેવા પામર જીવો પર તો જરૂર દયાજ આવે. અને હવેની જનતા તો ખુલ્લી આંખોએ સ્પષ્ટપણે જોઇ શકે છે એટલે તેમના બધા પ્રયત્નો વૃથા થઇ જશે તેમાં સંદેહજ નથી.

શાસન દેવ સૌને સન્મતિ અર્પો.

લી૦ ચરણદાસ.

"ૐ શાન્તિ"

---

# અયોગ્ય દિક્ષાના હિમાયતીઓને અર્પણ!

વડોદરાથી એક બંધુ લખી જણાવે છે કે—

તા. ૮-૧-૩૦ ના સાંજવર્તમાનમાં અને તા. ૧૧-૧-૩૦ ના મુંબઇ સમાચારમાં "વડોદરા રાજ્યની ધારાસભામાં જૈન દીક્ષા વિરૂધ્ધ ઠરાવ" "પ્રજાકીય સભ્ય રા. રામચંદ્ર જે. અમીનનું ભાષણ"ના મથાળા નીચે જે અહેવાલ પ્રગટ કરવામાં આવ્યો છે, તે ભાષણ રા. રામચંદ્ર જે. અમીન તરફથી ધારાસભામાં વહેંચવામાં આવ્યું નથી, તેમજ ભાષણ કર્યું નથી; એમ ખાત્રીપૂર્વક તપાસ ઉપરથી માલમ પડ્યું છે. તેથી દરેક જૈન બંધુઓ અને જાહેર પ્રજાને અયોગ્ય દીક્ષાના હિમાયતિઓની ખોટી હિલચાલ અને પ્રચારકાર્યોથી સાવચેત રહી તેમના લખાણો ઉપર વિચાર કરી મત બાંધવા વિનંતી કરીએ છીએ.

—તા. ૧૮ મી ડીસેમ્બરે શેઠ રામરતનદાસ બાગડીએ બીકાનેરની ધારાસભામાં અયોગ્ય દિક્ષા અટકાવવા બીકાનેરના મહારાજાને અરજ કરતો ઠરાવ રજુ કર્યો છે.

—પાલીતાણામાં પણ બે બાળાઓને દીક્ષા આપવા પ્રયત્ન થયેલો પાલીતાણાના ઠાકોર સાહેબને અરજ કરતાં હાલ તુરત તો તે પ્રયત્ન નિષ્ફળ ગયો છે.

---

## ગ્રાહકોને સુચના.

ગ્રાહકોને પોતાનું લવાજમ તાકીદે મોકલી આપવા વિનંતી છે. જે ગ્રાહકોને પત્રિકા ન જોઇતી હોય તેઓ અમોને તુરતજ ના લખી નાંખશે કે જેથી સંસ્થાને નાહકના ખર્ચમાં ઉતરવું ન પડે.

---

## સભ્યોને સુચના.

સભ્યોને પત્રિકાનું લવાજમ મોકલી આપવા વિનંતી છે. જે સભ્યો તરફથી પત્રિકાના લવાજમનો રૂા. ૧) આવતા રવીવાર સુધીમાં વસુલ નહિ આવ્યો હોય તેઓને પત્રિકા મોકલવાનું બંધ કરવામાં આવશે.

## મુંબાઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ યુવકોની પ્રાથમિક સભામાં રજુ કરવા માટે તૈયાર કરેલો ઠરાવોનો ખરડો. (ડ્રાફ્ટ રેઝોલ્યુશન)

### ઠરાવ ૧ લો.

(૧) દિક્ષા.

(૧) હાલમાં કેટલાક સમયથી કેટલાએક સાધુઓ તરફથી કોઇ પણ ધોરણ વગરની દિક્ષા આપવાની પ્રવૃત્તિ ચાલુ રહેવાથી કોમમાં જે સામાજીક કલેશ ઉત્પન્ન થયો છે તે તરફ આ કોન્ફરન્સ ખેદ દર્શાવે છે.

(૨) હાલનું સામાજીક વીચાર વાતાવરણ જોતાં દિક્ષા સંબંધમાં નીચે જણાવેલા નિયમો દિક્ષા દેનાર તથા લેનાર સર્વ પક્ષોને બંધનકર્તા હોવા જોઇએ એમ આ કોન્ફરન્સ માને છે અને તે પ્રમાણે નિયમન કરવા ગામો ગામના જૈન સંઘને ખાસ ભલામણ કરે છે.

#### નિયમો.

(૧) દીક્ષા લેનાર સ્ત્રી કે પુરૂષની ઉમ્મર ૧૮ વર્ષ ઉપર હોવી જોઇએ.

(૨) જેને જ્ઞાનમૂલક વૈરાગ્ય ઉત્પન્ન થયો હોય તેજ દીક્ષા લઇ શકે. બીજા કોઇ પણ આશયથી કોઇ દીક્ષા લેવા માગતો હોય તો તેને દીક્ષા આપી શકાય નહિ.

(૩) દીક્ષા લેનારને માથે જેના જેના નિર્વાહની જવાબદારી હોય તે સર્વના યોગ્ય નિર્વાહની વ્યવસ્થા તેણે કરેલી હોવી જોઇએ.

(૪) દીક્ષા લેનાર પુત્ર કે પુત્રી હોય તો માબાપની, પતિ હોય તો પત્નીની, પત્ની હોય તો પતિની માતપિતા હોય તો સંતતિની અને વિધવા હોય તો કુંટુંબના વડિલોની—આ પ્રમાણે દીક્ષા લેનારે પોતપોતાના નિકટવર્તી સંબંધી જનોની રજા મેળવવી જોઇએ.

(૫) દીક્ષા લેનારને માથે લેણદેણને લગતી જે કાંઇ જવાબદારી હોય તે સર્વથી તે દીક્ષા લીધા પહેલાં મુક્ત થયો હોવો જોઇએ.

(૬) દીક્ષા લેવા ઇચ્છનારે પોતાને લાગતા વળગતા સો કોઇને પોતાના ઇરાદાની એક વર્ષ પહેલાં જાણ કરવી જોઇએ અને પ્રસ્તુત એક વર્ષ દરમિયાન દીક્ષા લેવાની પાકી ઉમેદવારી કરી પોતાની યોગ્યતા તેણે સિદ્ધ કરવી જોઇએ.

(૭) ઉપરની બધી સરતો પોતે પાળી છે એવી મતલબનું સંમતિપત્ર દીક્ષા લેનાર જે ગામના સંઘનો હોય તે ગામના સંઘ પાસેથી તેણે મેળવવું જોઇએ.

(૮) જે ગામ યા શહેરમાં દીક્ષા અપાવાની હોય તે ગામ યા શહેરના સંઘે ઉપર જણાવેલી બધી બાબતોની ખાત્રી કરીને દીક્ષા આપનાર સાધુને લેખિત રજા આપવી.

(૯) ઉપર જણાવેલા બધા નિયમોને આધીન રહીને કોઇ પણ સાધુ કોઇ પણ દીક્ષાના ઉમેદવારને દીક્ષા આપી શકે. તેથી અન્યથા વર્તે તે સાધુ જૈન સંઘની શિક્ષાને પાત્ર બને.

### ઠરાવ ૨ જો.

(૨) દેવદ્રવ્ય અને કોન્ફરન્સ.

(અ) દેવદ્રવ્યનો ઉપયોગ શી રીતે કરી શકાય તે વિષે અત્યાર સુધી જે સંકેત સ્વીકારવામાં આવ્યો છે તેમાં વર્તમાન કાળની જરૂરિયાતો વિચારતાં જૈનધર્મ તેમજ મંદિરની સંસ્થાના અસ્તિત્વ ખાતર તાત્કાળિક ફેરફાર કરવાની જરૂર ઉભી થઇ છે એમ આ કોન્ફરન્સ માને છે તેથી મંદિર અને મૂર્તિને લગતો ખર્ચ બને તેટલો ઘટાડીને જન કલ્યાણના કોઇ પણ કાર્યમાં તે દ્રવ્ય ખરચી શકાય તેવી આ કોન્ફરન્સ માન્યતા ધરાવે છે અને ઉપર મુજબ સંકેત ન બદલાય ત્યાં સુધી દેવદ્રવ્ય અંગેની મિલ્કત તથા તે નિમિત્તની ચાલુ આવક જોતાં આ કોન્ફરન્સ ઠરાવ કરે છે કે પ્રત્યેક જૈને પોતાના દ્રવ્યનો વ્યય હાલતુરત એ ક્ષેત્રમાં ન કરતાં અન્ય દુઃખતાં ક્ષેત્રોને પોષવામાં કરવો.

**નોંધ:** ઉપર જણાવેલ દેવદ્રવ્ય સંબંધી સંકેત પરિવર્તનનો નિયમ અત્યાર સુધી દેવદ્રવ્ય તરીકે એકઠું થયેલ દ્રવ્યને લાગુ પડતો નથી.

(બ) "દેવદ્રવ્યનું સારી રીતે સંરક્ષણ થઇ શકે હિસાબની ચોખવટ રહી શકે અને સારી અને સીધી રીતે દેખરેખ રાખી શકાય તથા જ્યાં એ દ્રવ્યની જરૂર હોય તેવા મંદિરોમાં આપી શકાય એટલા સારૂ આ કોન્ફરન્સ નીચે મુજબ મધ્યસ્થ મંડળની નીમણુંક કરે છે."

### ઠરાવ ૩ જો.

સંઘનું બંધારણ.

દરેક સ્થાનિક સંઘોનું બંધારણ વ્યવસ્થિત હોવું જોઇએ. બંધારણ સ્થાનિક સંજોગો મુજબ ભિન્ન ભિન્ન પ્રકારનું ભલે ઘડાય પરંતુ નીચેના મુદ્દાઓ બંધારણમાં અવશ્ય હોવા જોઇએ.

(૧) વહીવટ કમીટીદ્વારા થવો જોઇએ. (૨) કમીટીની ચુંટણીમાં દરેક ઉમ્મર લાયક જૈનને મત આપવાનો હક હોવો જોઇએ.

(૩) હિસાબ અને વહીવટનો રીપોર્ટ સંઘની સામાન્ય સભા પાસે વર્ષ પુરૂં થયા પછી ત્રણ માસની અંદર પસાર કરાવવો જોઇએ.

આ ઠરાવ પસાર થયા પછી વધુમાં વધુ બે વર્ષની અંદર દરેક સંઘોએ પોતાનું બંધારણ ઘડેલું હોવું જોઇએ. તે પછી મુદત વીત્યા બાદ જે સંઘોએ ઉપર જણાવ્યા મુજબ પોતાનું બંધારણ ઘડ્યું નહિ હોય તેવા સંઘને કોન્ફરન્સમાં પ્રતિનિધિત્વનો હક્ક રહેશે નહિં.

### ઠરાવ ૪ થો.

કેળવણી.

આ કોન્ફરન્સ એજ્યુકેશન બોર્ડને ભલામણ કરે છે કે કોમની કેળવણી સંબંધીની હાલની પરિસ્થિતિનો વીગતવાર આંકડા સાથે અભ્યાસ કર્યા પછી કોમની હાલની કેળવણીની જરૂરીઆતો પુરી પડે અને અન્ય કોમોની સાથે સરખામણીમાં જૈન કોમ કેળવણીમાં વધુ પ્રગતિ કરી શકે તેવું એક પાંચ વર્ષનું પ્રોગ્રામ ઘડવું અને તે પ્રોગ્રામને અમલમાં મુકવાના

દરેક પ્રયાસો કરવા અને તેનો રિપોર્ટ કોન્ફરન્સની બેઠક વખતે રજુ કરવો.

ઠરાવ ૫ મો.

**વિધવા સંબંધી.**

(૧) વૈધવ્યના કારણે સ્ત્રી જાતીપર અત્યારસુધી ગુજરેલા અન્યાય અને તેના પરીણામે ઉપજેલા અનર્થોની આ કોન્ફરન્સ રોષપૂર્વક નોંધ લે છે અને ફરજીઆત વૈધવ્ય પાળવાની પ્રથાને સખ્ત રીતે વખોડી કાઢે છે અને મરજીઆત પુનર્લગ્નને સંમત કરે છે.

(૨) આજીવીકા માટે પતિની મીલકતમાંથી તેમને વારસા હક્ક અપાવવા આ કોન્ફરન્સ ભલામણ કરે છે.

ઠરાવ ૬ ઠો.

કોમની સામાન્ય રીતે શારિરીક સ્થિતિ સુધરે તે માટે જરૂરીઆતવાળા સ્થળોએ, સસ્તા ભાડાની ચાલીઓ, દવાખાનાઓ તથા વ્યાયામ શાળાઓ સ્થાપવાની જરૂરીઆત આ કોન્ફરન્સ સ્વીકારે છે અને સમાજને તેને અંગે બને તેટલો ભોગ આપવા વિનંતી કરે છે.

ઠરાવ ૭ મો.

આ કોન્ફરન્સ રાષ્ટ્રીય મહાસભાના ધ્યેયનો સ્વીકાર કરે છે અને તેના કાર્યક્રમ પ્રત્યે સંપૂર્ણ સહાનુભુતી દર્શાવે છે અને દરેક જૈનને સક્રિય મહાસભાના કાર્યમાં ભાગ લઇ યોગ્ય ફાળો આપવા ભલામણ કરે છે.

ઠરાવ ૮ મો.

જૈન સાધુઓ સ્થાનિક સંઘોના બંધારણ અને નિયમોની વિરૂદ્ધ કદી વર્તી ન શકે એવો આ કોન્ફરન્સનો મજબુત અભિપ્રાય છે.

ઠરાવ ૯ મો.

**સામાજીક સુધારા.**

(૧) "શારદા બીલના પ્રણેતા રા. બ. હરબીલાસ શારદાને તેમની સેવા બદલ આ કોન્ફરન્સ અભિનંદન આપે છે અને દેશી રાજ્યોને આવા કાયદાઓ અમલમાં મુકવા આ કોન્ફરન્સ આગ્રહપૂર્વક વિનંતિ કરે છે."

(૨) આ કોન્ફરન્સની પહેલાની બેઠકોમાં સામાજીક સુધારણાને અંગે વખતે વખતે ઘણા ઠરાવો કરવામાં આવ્યા છે જેનો વત્તે ઓછે અંશે સમાજે અમલ પણ કર્યો છે પરંતુ હાલની સ્થીતિની સુધારણા માટે નીચેના સામાજીક સુધારાઓ ખાસ જરૂરના માને છે અને દરેક જૈન બંધુને તેનો અમલ કરવા આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

(૧) લગ્નને અંગે કન્યા માટે ઓછામાં ઓછી ૧૬ તથા વરને માટે ઓછામાં ઓછી ૨૦ વર્ષની વય હોવી જોઇએ.

(૨) જૈન સમુદાયમાં રોટી વ્યવહાર ત્યાં બેટી વ્યવહાર થવો જોઇએ.

(૩) ૪૫ વર્ષ પુરા થયાં હોય તેવા કોઇ પણ વિધુરે લગ્ન કરવું નહિં.

ઠરાવ ૧૦ મો.

**જૈન બેન્ક :**

આ કોન્ફરન્સ જૈન બેંન્ક સ્થાપવાની અગત્યતા સ્વીકારે છે અને સ્ટેન્ડીંગ કમિટીને જુદા જુદા ગૃહસ્થોના અભિપ્રાયો મંગાવી જૈન બેંકની સ્થાપના સંબંધીની વીગતો એકઠી કરી આવતી બેઠકમાં રજુ કરવા ભલામણ કરે છે.

# કોન્ફરન્સ માટે સુચવાયેલા ઠરાવો.

(૧)

રા. કલ્યાણચંદ કેશવલાલ તરફથી નીચેના ઠરાવોનો ખરડો આગામી કોન્ફરન્સમાં રજુ કરવા માટે મળ્યો છે.

**૧ કેળવણીની વૃદ્ધિ માટેના સાધનો માટે વિચારણા.**

(૧) શારિરીક અભિવૃદ્ધિને માટે બને તેટલા ગુરૂકુળો સ્થાપવા પ્રયત્ન કરવો, તે ગુરૂકુળો છોકરા ને છોકરીઓ બન્ને માટે સ્થાપવા.

(૨) કેળવણી માટે જ્યાં જ્યાં માધ્યમિક શાળાઓ તેમજ કોલેજો હોય ત્યાં જૈન બોર્ડીંગ હાઉસો કે જેમાં ઇંગ્રેજી અભ્યાસ સાથે ધાર્મીક કેળવણી પણ આપવાની યોજના થાય એવા સ્થાપવા.

(૩) કેળવણી માટે પુસ્તકો તેમજ ફી અને જોઇતા સાધનો સ્થાનિક જૈન સંસ્થાઓ દ્વારા જૈન વિદ્યાર્થીઓને પુરા પાડવા પ્રયત્ન કરવો.

(૪) આ યોજનાઓને પ્હોંચી વળવા માટે ઓલ ઇન્ડીઆ એજ્યુકેશન ફંડ ઉભુ કરવું.

**૨ સખાવતના ઉપયોગ સંબંધી :—**

(૧) ગુરૂકુળો, બોર્ડીંગ હાઉસો, વનિતા વિશ્રામો, જૈન ઉદ્યોગાળયો અને જૈન હોસ્પીટલો.

(૨) એક જૈન બેન્ક સ્થાપવાની, જેની શાખાઓ જુદે જુદે સ્થળે હોય; તે શાખાઓદ્વારા જરૂરવાળા જૈનોને આજીવિકાને અર્થે વ્હેપાર કરવાને લોન તરીકે ઓછા વ્યાજે નાની રકમો આપવી.

**૩ હાનીકારક રિવાજોને દુર કરવા માટે વ્યવહારૂ પ્રયાસઃ—**

**હાનીકારક રિવાજો.**

(૧) બાળલગ્ન (૨) વૃદ્ધલગ્ન (૩) પ્રેતભોજન.

(૪) શ્રીમંત વખતના જમણ પ્રસંગનો અને લગ્ન વખતે ગજા ઉપરાંત થતા ખરચો કમી કરવા પ્રયત્ન કરવો.

(૫) રડવા કુટવાના રીવાજો.

ઉપરના હાનીકારક રીવાજો અટકાવવા માટે પ્રચારકાર્ય કરવું; તે એવી રીતે કે દરેક સ્થળોએ સ્વયંસેવકોનાં દળ વિરોધ પ્રમાણમાં ઉભા થાય અને તે સ્વયંસેવકો લોકોને ઉપર બતાવેલા હાનીકારક રીવાજોથી થતા નુકશાનો સમજાવે.

**૪ અયોગ્ય દીક્ષા સંબંધી :—**

સગીરો એટલે અઢાર વર્ષની ઉમરનાને-લગ્ન થયેલા દંપતીને સ્ત્રીની સંમતી સિવાય, દીક્ષા લેનારના કુટુંબીઓની આજીવીકાનો આધાર દીક્ષા લેનાર ઉપરજ હોય અને બીજું આજીવીકાનું સાધન ના હોય, તેવા માણસોને અપાતી દીક્ષાને અયોગ્ય દીક્ષા માનવી.

૫ સ્થાનિક સંઘોએ તેમના સ્થળ સીમામાં આવેલી ધાર્મીક સંસ્થાઓના હીસાબના સરવૈયા દરેક વરસે તપાસી લેવા.

**૬ સંઘસત્તા :—**

શ્રી જૈન સંઘ સત્તાના બંધારણ માટે આખા હિન્દુસ્થાનના જૈન સંઘોને લાગુ પડે એવા કાયદા ઘડવા, અને યુવક સંમેલને જૈન કોન્ફરન્સ આગળ રજુ કરી પસાર કરાવવા.

# આગામી સંમેલન.

દીક્ષાની નિયમાવળીથી સંતોષ ન માનતા પાટણના સંઘ જેવા ઠરાવ દરેક મોટા શહેરોમાં થાય તે સારૂ પ્રચંડ આંદોલન કરવાનું છે. વડોદરા સંમેલનમાં એ સંબંધમાં થયેલ ઠરાવોનું પુનર્જીવન કર્યાં સિવાય યુવકોએ જંપવુંજ ન ઘટે. બાળ દિક્ષાના ને નસાડી, ભગાડીને અપાતી દીક્ષાના સંબંધમાં અપાતા શાસ્ત્રીય ઉલ્લેખો અને બાળોચિત દલીલોથી આપણે ધરાઇ ગયા છીએ. આપણા સમાજમાં આજે જો શ્રી. હેમચંદ્રજી કે શ્રી. યશોવિજયજી હોય તો તેમને માટે આપણને ખાત્રી હોવાથી ઠરાવની જરૂર ન રહે; પણ રામ-સાગરની કેવળ આડંબરથી ગાજતી ટોળીની સંખ્યાબંધ લીલાઓ જાણવા છતાં હવે એક પણ સ્થાન દીક્ષાના ઠરાવ વગરનું રાખવું એ ગંભીર ભુલ સમાનજ છે. હવે તો એ અયોગ્ય દીક્ષા સામે ખડી રહી, જરૂર પડે કાયદો પણ હાથમાં લઇ શકે તેવી ટુકડી નિભાવવાનો સમય આવી પુગ્યો છે. એ ટોળીના મુકામ સામે 'રેડસીગ્નલ' હોવો ઘટે.

યુવકો સાથે મળી સ્વામીવાત્સલ્યમાં, લાડવાભાજીને કે ફરજીયાત બંધુઓ સામે રખાતા પ્રબંધોને તોડી નાંખે, કર્યાં તો અંગીકાર આદરી એવા જમણો લેઇ કે અગર તો સત્યાગ્રહ શરૂ કરી ધર્મના ઇજારદારોની શુદ્ધિ ઠેકાણે આણે, સ્વધર્મી સહ જમણનો બાધ નજ હોય.

યુવાનોએ વાતો ને ભાષણોના યુગથી આગળ વધવું હોય તો સમયને યોગ્ય સુધારણાઓ સ્વજાતથી શરૂ કરવા પ્રતિજ્ઞાથી બદ્ધ થવું જોઇએ. આમાં અપવિત્ર ચીજો-કેશર, રેશમી વસ્ત્રો, ચામર વી૦-નો ત્યાગ, લગ્ન સંબંધીના નિયમો, રડવા, કુટવા સંબંધીની મર્યાદા, મૃતક પાછળના જમણનો નિષેધ અને ખાદી ધારણ, સપ્તવ્યસન ત્યાગ આદિ વ્રતોનો સમાવેશ થઇ જાય છે. આના પર વિસ્તૃત વિવેચનની આવશ્યકતા નથી. હવે તો અમલી કાર્ય કરી દેખાડવા સારૂ ભીષ્મ પ્રતિજ્ઞાઓની જરૂર છે, લીધા બાદ કડક પાલનની અગત્ય છે. વાત નજીવી લાગે તેવી છતાં આત્મિક ઉન્નતિમાં સારો વધારો કરે તેવી છે. આજે જેઓ નાના નિયમો દ્રઢતાથી પાળે છે તેઓજ ભવિષ્યમાં મોટા નિયમો પાળવા સમર્થ થાય છે. જનતા તેમનાજ વચનોની કિંમત આંકે છે. માત્ર બોલી જવું તો પોપટ જેવું પ્રાણી પણ કરી શકે છે.

યુવક સંઘો પરસ્પર એવી સાંકળથી સંકળાવા જોઇએ કે એના પ્રત્યેક કાર્યની અસર વિજળીની માફક અલ્પકાળમાં એક છેડાથી બીજા છેડા સુધી ફરી વળવી જોઇએ. મુખ્ય મથકથી પ્રગટ થતું દરેક સાહિત્ય શહેર ને ગામોના ખુણા-સુધી પહોંચવું જોઇએ. યુવક સંઘના ઠરાવનો પડઘો 'સુઘોષા ઘંટા માફક સર્વત્ર પડવો જોઇએ. સર્વ સંઘોની તૈયારી એવી હોવી જોઇએ કે જ્યાં અમુક કાર્ય કરવાની હાકલ પડી કે સૌ કોઇ તૈયારજ હોય. સરદારના હુકમનું સૈનિકો જેટલી ત્વરાને સમયસુચકતાથી પાલન કરે છે તેટલી ચપળતાથી મુખ્ય મથકના આદેશનો અમલ થવો જોઇએ. જીત વ્યવસ્થા શક્તિમાં રહેલી છે, યુવકોની સંસ્થામાં 'હોતા હૈ' કિંવા 'ચલને દો' નજ શોભે.

યુવાનો હજુ તો પ્રમાદનિદ્રા ત્યાગી આળસ મરડી ઉભા થવાના કોડ સેવે છે એટલે એને ઉત્તેજના સારૂ ભાષણ-સંભાષણ, પર્યટન, મેળાવડા અને સમયે સમયે પ્રેરણાની જરૂર હોયજ. જળ સિંચન વિના જેમ કુમળા રોપા કરમાઇ જાય છે તેમ વારંવારની પ્રેરણા વિના યુવાન હૃદયમાંની આગ શાંત પડી જાય છે; તેથીજ તે પ્રદીપ્ત રહે માટે ઉપર વર્ણવ્યા તેવા કાર્યો સતત ચાલુ રહે એ સારૂ ખાસ ઠરાવો-માત્ર પાનાપર શોભે તેવા નહિંજ-ઘડવા અને તેનો અમલ અસ્ખલિતપણે ચાલ્યા કરે તેવી ગોઠવણ કરવી.

યુવાન અંતરમાં જેમ કાર્ય કરવાની ધગશ હોય એ શોભારૂપ છે તેમ પોતાની ભુલ જોવાની વૃત્તિ હોય એ પણ શોભારૂપજ છે. કોઇપણ યુવાન એવું તો નહિંજ માનતો હશે કે 'પોતાથી ભુલજ ન થાય.' 'માણસ માત્ર ભુલને પાત્ર' એ વચનને યાદ કરે અને એટલું અવધારી રાખે કે જ્યાં આવેગ છે ત્યાં ભુલ થવા સંભવ છે. સાચી બહાદુરી તો ત્યાં છે કે ભુલ સમજાયા પછી તે કબુલવામાં વાર ન લગાડે. કેટલાક આને પીછે હઠ માને છે પણ એમ માનવું એ ભુલ ભરેલું છે. કદાગ્રહ ન કરવો એ લક્ષણ સમજણનું હોય છે, સાચા લડવૈયાનું હોય છે. ભુલ કબુલવામાં હીણપત નથી પણ આબરૂ છે; એથી તો આપણી લડતને એટલો સુંદર ટેકો મળે છે કે જે અન્ય કાર્યથી ન સંભવે. આનો અર્થ કોઇ એમ ન કરી લ્યે કે 'આપણે ભુલો કરીને પછી સુધારવી' દરેક કાર્ય વિચારીનેજ કરવું; આમ છતાં ભુલ રહી ગઇ હોય ને જે બરાબર સમજાતી હોય તેને માટેજ ઉપરનું કથન છે. દરેક યુવાન એવી શક્તિ પ્રાપ્ત કરવા તૈયાર થાય.

છેલ્લે એકજ વાત, યુવાનો સંમેલન ને સફળ બનાવવા ઇચ્છતા હોયતો જરૂર થોડો ઘણો વિચાર કરીને આવે. સાથે એમ પણ નિશ્ચય કરતાં આવે કે સંમેલનના લોકો પોતાના વિચાર સ્વીકારાય એવી હઠ તો પોતે જરૂર નજ પકડે. ઘણીવેવાર કેટલીક વાતો વ્યક્તિગત સુંદર લાગે છે છતાં સમષ્ટિગત સ્વીકારી શકાતી નથી, એનુ કારણ એ નથી હોતુ કે તે વાત દોષિત હોય છે પણ તે વાત મોટા ભાગ માટે અમલમાં મુકવી અશક્ય હોવાથીજ રદ કરવી પડે છે. આપણી ભાવનાતો બહુમત કરતાં સર્વાનુમતે ઠરાવો પાસ કરવાની છે. આપણે ઝાઝા કાર્યો કરતાં થોડા પણ મુદ્દાના કાર્યો કરી, આનંદ માનનારા છીએ. હારમાળાથી જયશ્રી વરવાનો સમય વહી ગયો છે; હવેતો કાર્ય કરીને દર્શાવી વરમાળા જીતવાનો યુગ બેઠો છે. આ વેગને વધારે પડતો ખરચી ન નાંખીએ, તેમ ઉતાવળે પણ વેડફી ન નાંખીએ તોજ એ સંચિત શક્તિઓ દ્વારા ચીરકાળ સેવિત સ્વપ્ના સાચા પાડવાનું બની શકશે. 'આંબા પકવવા હોય તો ઉતાવળ કામ ન લાગે' આવેશની સાથે ખામોશ અથવા ગતિની પાછળ 'બ્રેક'ની પણ આવશ્યકતા છે એમ માની, સમયની અગત્યતા પિછાની, તત્કાલીન ઉપયોગના ઠરાવો કરવાની તમન્ના રાખીએ.

---

## ગ્રાહકોને સુચના.

ગ્રાહકોને પોતાનું લવાજમ તાકીદે મોકલી આપવા વીનંતી છે. જે ગ્રાહકોને પત્રિકા ન જોઇતી હોય તેઓ અમોને તુરતજ ના લખી નાખશે કે જેથી સંસ્થાને નાહકના ખર્ચમાં ઉતરવું ન પડે.

# કોન્ફરન્સ માટે સુચવાયેલા ઠરાવો.

(૨)

પાલણપુરથી એક બંધુએ નીચેના ઠરાવો કોન્ફરન્સમાં રજુ કરવા માટે મોકલી આપ્યા છે.

(૧) સાધુ સાધ્વી પાસે પરિગ્રહનું પોટલું હોવું જોઇએ નહિ, અને પોટલીયા સાધુને પોટલું ઉપાડનાર માણસ નહિ આપતાં, તે પોટલું તપાસી ઘડીઆળ, દિવાબત્તી, ફાઉન્ટનપેન, ચપ્પુ કે રોકડ નાણું અગર કોઇપણ ન રાખવા લાયક ચીજ જે ગામે દેખવામાં આવે તે ગામના શ્રાવકોએ લઈ લેવી જોઇએ અને તેઓને રવાના કરી દેવા.

(૨) સાધુ સાધ્વીને કાર્ડ, કવર, ટીકીટ આપવા નહિ અને પત્ર લખવાની જરૂર જણાય તો શ્રાવક પાસે લખાવવાં અને તેમનાં ઉપરની આવેલી ટપાલ ગામનાં મુકરર કરેલા આગેવાન મારફત આવવી જોઇએ તે તેઓ વાંચીને જેઓની હોય તેઓને પહોંચાડે.

(૩) ઉપધાન કરાવવાનો રિવાજ હાલ પ્રચલીત થયેલો છે તે નાબુદ થવો જોઇએ; છતાં સંઘને તેમ કરવું યોગ્ય ન લાગે તો સ્ત્રીઓને સાધ્વીઓ અને પુરૂષોને સાધુઓ ઉપધાન કરાવે, તેનાં સાથે ઉપધાન કરાવનારે તપસ્યા આદરવી જોઇએ.

(૪) સાધુઓને ભણાવવા ઠામ ઠામ પંડિતોનાં ખર્ચો થાય છે તે બંધ કરી સાધુઓએજ સાધુને ભણાવવા જોઇએ અને સાધ્વીઓએ સાધ્વીઓને ભણાવવા જોઇએ.

(૫) વ્યાખ્યાન સિવાય સાધુઓનાં ઉપાશ્રયે સાધ્વી અગર શ્રાવીકા બાઇએ જવું નહિ, અને સાધ્વીનાં ઉપાશ્રયે સાધુઓએ જવું જોઇએ નહિ.

(૬) ચોમાસું પુરૂં થયા પછી વિતરાગની આજ્ઞા લોપી તેજ ગામમાં સાધુ સાધ્વીને રાખવાં નહિ; અને શિષાકાળમાં ઓગણત્રીસ (૨૯) દિવસ રાખવાં નહિ.

(૭) સાધુઓનાં માટે સામૈયાં કરવાનો રિવાજ ઘુસી ગયો છે તે બંધ થવો જોઇએ.

(૮) જે જગ્યામાં સ્ત્રી જાતનું ચિત્ર હોય તેવા મકાનમાં સાધુને રહેવાની મનાઇ છે; છતાં સાધ્વીનાં ઉપાશ્રયમાં સાધુઓનાં ફોટા રાખવાનું ચાલુ થયું જણાય છે; તેનો અટકાવ થવો જોઇએ.

(૯) પાલિતાણા જેવા તિર્થમાં સાધુ સાધ્વીને જુદી જુદી ઉતરવાની ધર્મશાળા હોવી જોઇએ.

(૧૦) સુત્રમાં લખ્યા મુજબ સાધુ સાધ્વીને જીર્ણ થયેલાં વસ્ત્ર આપવાં જોઇએ.

(૧૧) અહિંસક હિંદુજાતિ કે જેની રોટી ખાતાં હરકત નથી તેની સાથે બેટી લેવા દેવાનો ઠરાવ થવો જોઇએ; કે જેથી જૈન વસ્તીનો વધારો થાય.

(૧૨) વિતરાગનાં મંદિરમાં ચોરી થાય તેવી વસ્તુ નહિ જોઇએ, કારણકે તેઓ નિરાગી અને નિર્લોભી છે; અને તેમનું દ્વાર અભંગ રહેવું જોઇએ.

# બાળદીક્ષા ને દંભીઓનું કાવત્રું.

પાટણનિવાસી શા. ભોગીલાલ ચુનીલાલે પોતાના બાર વર્ષના છોકરાને અમદાવાદમાં ઝાંપડાની પોળ અંદર બડા ઠાઠમાઠથી અનેક પદવીઓની હાજરીમાં રામવિજયના શિષ્ય તરીકે મેઘવિજયજીએ દીક્ષા આપ્યાના ટુંકા ખબર "મુંબઇ સમાચાર"માં આવેલા, તે જનતાને ઉંધે રસ્તે દોરનારા હોવાથી ખરી હકીકત રજુ કરીયે છીયે.

બાર વર્ષના ને ગુજરાતી ચોથી ચોપડી ભણતા ભાઇ કીર્તિલાલના પીતા ધંધા અર્થે મુંબઇમાં પાયધુની ઉપર પત્નિ સાથે રહે છે. અને સાંભળવા પ્રમાણે રામ ટોળીમાં ભળી ભક્ત બનેલા, અને કીર્તિને લાલબાગ ભણવા મોકલતા. જેથી પાંચેક માસમાં બાળકે વંદિતા સુધી અભ્યાસ કર્યો. ભોગીલાલ પોતે માનેલા ગુરૂ પાસે અવારનવાર જતા હોવાથી ગુરૂએ લોભમાં ઉતાર્યા, તારો છોકરો બહુ બુદ્ધિશાળી છે, શુભ પ્રભાવ થાય તેવો છે. તારૂં ને તારા બાપદાદાનું નામ થઇ જશે, સાધુ બનાવી દે. વિ. અભિલાષાઓમાં બાપ લોભાયો ને ભક્ત હોવાથી કબુલ થયો અને આખરે ગોઠવેલા કાવાદાવા પ્રમાણે બાળક ને પોતાની પત્નિસહ જયદીક્ષા વિ. સ્થાને જાત્રા કરવા જઇયે છીયે તેવા બાના તળે અમદાવાદ પહોંચ્યા અને બપોરના બે વાગે ઝાંપડાની પોળમાં મેઘવિજયજીએ કપડાં પહેરાવ્યાં.

જે દિવસે આ બાળકને કપડાં પહેરાવવામાં આવ્યા તેજ દિવસે અમદાવાદમાં એક ભાઇની દીક્ષા બડા ઠાઠથી વરઘોડો ચઢાવીને નિયમ મુજબ સવારે હઠીભાઇશેઠની વાડીયે અપાઇ ત્યારે આ બાળકને બે વાગે પોળમાંજ કેમ કપડાં પહેરાવ્યાં? ભોગીલાલનું કુટુંબ ને સગા બહોળુ છે છતાં કોઇને જાણ કર્યા સિવાય જયદીપાનું નામ કોને શાથી આપવું પડ્યું? રામવિજય મુંબઇ લાલબાગમાં છે, દીક્ષા સંબંધમાં મુંબઇના સંઘનો કે સરકારનો કંઇ કાયદો નથી, છતાં મુંબઇ કે અધેરી ન પસંદ કરતાં ઝાંપડાની પોળ કેમ? ભોગીલાલ પાટણના, તેના સગાવહાલાંનો મોટો ભાગ પાટણમાં છતાં પાટણમાં કેમ નહિ? એ તો સમજાય છે કે અયોગ્ય દીક્ષાના હિમાયતીઓનો કોઇ પણ સાધુ એજન્ટ પાટણમાં નહિ હોવાથી તેમ પાટણના સંઘની અવગણના કરવી તે પણ ભારે જોખમ લાગવાથી હિંમત નહિ ચાલી હોય. ભોગીલાલના સગા સ્નેહીઓ કે કોઇને ખબર અંતર આપ્યા સિવાય ફક્ત ભોગીલાલ, તેમનાં પત્નિ, અને પેલા ભગવાન; આ ત્રણનીજ હાજરીને અનેક પદવીઓ ગણવામાં આવ્યા હશે?

આ ઉપરથી એમ સમજી શકાય છે કે બાળકના માબાપને હથિયાર બનાવી, રામવિજયે એક બાળકને ચોરી છુપીથી એના એજન્ટ મારફતે વેશપલટો કર્યો છે. આ ઘટના ખુલ્લી પડતાં પાટણથી ભોગીલાલની જનેતા દશ બાર સગાને લઇ રોકકળ કરતી ઝાંપડાની પોળે આવી છે ને લાંઘણો કરે છે. બીજી બાજુ ભોગીલાલના મોટા ભાઇ કલકત્તાથી મુંબઇ આવી પોતાના ચાર પાંચ સગા સ્નેહીઓને લઇ અમદાવાદ ઉપડી ગયા છે. કેસ કોર્ટે જવાની વકી છે.

આ નામધારી સાધુઓ ચેલા વધારવાની ધુનમાં, કોઇ બીજાના નામના ખોટા કાગળો છપાવી રહ્યા છે, કોઇ બીજાના નામનાં ચોપાનીયાં છપાવી રહ્યા છે, કોઇ ભોળાં ને મગરૂ બાળકોને સાધુ બનવું સમજાવી અનેકને ઘેર હોળી સળગાવી રહ્યા છે, અને પંચમહાવ્રતની પરવા કર્યા સિવાય અનેક તુફાનો રચી રહ્યા છે છતાં આવા નામધારી સાધુઓ સમાજમાં પોષાઇ રહ્યા છે તે સમાજની કમનસીબી છે. સમાજ આવાઓથી ચેતતી ચાલે.

આ પત્રિકા જી. પી. ગોસલીયાએ "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ, નં૦ ૩ મધે છાપી, અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નં૦ ૨ મધેથી પ્રસિદ્ધ કરી છે.